# કલરવ

## (ભાગ - ૨)

ભગવત પ્રસાદ ચૌહાણ



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

5B GK2

# કલરવ

## (ભાગ - ૨)

લેખક : ભગવત પ્રસાદ ચૌહાણ

આવૃત્તિ : પ્રથમ - ૨૦૦૩

નકલ : ૧૦૦૦

કિંમત : રૂા. ૩૦/-

પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૬.
ફોન : ૬૪૪૫૨૮૧.

મુદ્રક : સિયોન પ્રિન્ટીગ પ્રેસ
પોસ્ટ ઓફિસ પાસે, ખોખરા
અમદાવાદ. ફોન : ૨૭૪૨૮૩૩

# બે બોલ

પ્રિ. બી. આર ચૌહાણ સાહેબની વાત આવે એટલે તેમણે કરેલી સાહિત્ય સેવાની વાત અવશ્ય આવે. ભગવત સાહેબ મૂળ સાહિત્યનો જીવ. એમાંયે તેમણે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં રહીને જે સેવા કરવાની તક મળી તેનો તેમણે ભરપૂર ઉપયોગ કર્યો.

સાહિત્યનાં લગભગ તમામ પ્રકારમાં તેમણે હાથ અજમાવ્યો હતો. વળી તેઓ હંમેશાં કહેતા હતા કે, બાળ સાહિત્યની આપણે ત્યાં ભારે ખોટ છે. તેથી તેઓ એ દિશામાં હંમેશાં વ્યક્તિઓને ઉત્તેજન આપતા હતા. પોતે પણ સમયાંતરે કશું ને કશું બાળકો માટે લખતા. બાળ સાહિત્યમાં કામ કરવું એ અઘરું છે છતાં એટલું જ જરૂરી છે. ચૌહાણ સાહેબે આ બન્ને વાતને ખૂબ સરળતાથી નિભાવી હતી. આ પુસ્તક તેની એક સાબિતી છે.

પ્રિ. બી. આર. ચૌહાણનો આ વાર્તાનો સંગ્રહ ખરેખર અદ્‌ભુત છે. લેખક ખરેખર તો મોટેરાઓ માટેનાં વ્યક્તિ હતા. પરંતુ જ્યારે તેમની આ વાર્તાઓના સંગ્રહને વાંચીએ છીએ ત્યારે અચૂક એમ કહેવું પડે કે, તેઓમાં બાળકોને આપવા માટે ણ ઘણું હતું. પ્રિ. બી. આર. ચૌહાણ સાહેબે સાહિત્યની અને ાહિત્ય દ્વારા કરેલી સેવા પ્રશંસાને પાત્ર છે. તેમાં આ પુસ્તક ારા તેમણે સમાજનાં બાળકો માટે કરેલી સેવા પ્રશંસાને પાત્ર . તેઓ તો આપણી મધ્યે નથી પરંતુ તેમનું કાર્ય આજે પણ ોલે છે.

ભગવત સાહેબ માટે કહી શકાય કે તેઓ "ચોરાના માણસ" હતા. એટલે કે તેઓ સમાજની વચ્ચે જીવનારા અને સમાજના તમામ વર્ગને માટે હતા.

બાળકો માટેની આ તેમની કૃતિ બાળકોનાં હાથમાં, સમાજના હાથમાં મૂકતા આનંદ અનુભવું છું. મારી આશા તથા પ્રાર્થના છે કે આ પુસ્તક તેના વાચકોને માટે બાળકોને માટે ખૂબ આશીર્વાદ લાવનારું બની રહેશે.

આ પુસ્તકના પ્રકાશન માટે, ડૉ. સોનેલ જે. પેટ્રીક, શ્રીમતી લીઝા સોનેલ પેટ્રીક તથા દીકરા કોર્નેલ (જેઓ લેખકના દીકરી-જમાઈ થાય છે) તરફથી આ પુસ્તકનો પુરો ખર્ચ આપવામાં આવેલ છે. તે બદલ તેઓને આભાર માનું છું..

સાહિત્ય સેવા સદન
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

પ્રભુમાં આપનો,
રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

# સ્નેહસભર સદ્‌ભાવી આચાર્ય

## શ્રી ભગવત્ પ્રસાદ ચૌહાણ



પદ કે હોદ્દો મળવો એ મોટી વાત નથી. પણ એ મળ્યા પછી એને પચાવવાનું કામ અત્યંત કઠિન છે. સ્વ. ભગવત્ પ્રસાદ ચૌહાણ સાહેબ એક શિક્ષણ કોલેજ (આર. બી. સાગર કોલેજ ઓફ એજ્યુકેશન) ના આચાર્ય બન્યા એ ઘટના એમને માટે પ્રથમ ન હતી. એ પહેલાં નડિયાદની મહિલા કોલેજના આચાર્ય તરીકે પાંચ વર્ષ સુધી રહ્યા હતા. ૨૦ વર્ષ જેટલો સમય આર. બી. સાગર કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્ય તરીકે રહીને નિવૃત્ત થયા હતા. આ સમય દરમ્યાન તેઓએ અહંકારને પોતાના તરફ ફરકવા દીધો ન હતો.

ચૌહાણ સાહેબ એટલે સૌજન્ય અને સદ્‌ભાવનો સમન્વય સાધીને સંબંધને સાચવી જાણનાર સહૃદયી માણસ, વ્યક્તિને ઓળખવી, એમની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓને જાણી લેવી અને ત્યારબાદ વ્યક્તિની શક્તિનો વિકાસ કરવો અને તેની મર્યાદાઓના

ટીકાકાર ન બનવું એ એમની કાર્યપદ્ધતિ, ઘમંડ કે તિરસ્કારને બદલે સ્નેહ અને સદ્ભાવથી વ્યક્તિને જીતી લેવાનું પસંદ કરતા. મળવા માટે કોઈપણ વ્યક્તિ આવે તો હાસ્યપૂર્વકના આવકારની સાથે ચાનો કપ પીવડાવવાનું સૌજન્ય તેઓ કદી ન ચૂકતા. ઘણી વખત તો પોતાના અહંમને ઓગાળીને સાચી ભક્તિના અહમ્‌નો પોષતા. સહકાર્યકરોને જલતંરગના બાઉલની માફક ભર્યા ભર્યા રાખતા અને જ્યારે જેવી જરૂર હોય તેવો ધ્વનિ પ્રગટ કરીને સંવાદનું સંગીત તેઓ ઉભું કરતા.

ચૌહાણ સાહેબનું જીવન આમ તો સતત સંઘર્ષમય રહ્યું. બહોળા કુટુંબમાં ઉછરેલા એટલે જવાબદારી પણ નાની ઉંમરથી જ ઉપાડેલી. આઈ. પી. મિશન શાળામાં શિક્ષક તરીકે જોડાયેલા અને ત્યારથી જ ઈંગ્લેન્ડ અભ્યાસ અર્થે ગયેલા. ત્યાર પછી મિશન હાઈસ્કૂલની સેવા દરમ્યાન એ જ નાની ઓરડી અને તેની સાથે જોડાયેલાં સંસ્મરણો તેઓ કદી ભૂલી શક્યા ન હતા. કોલેજના સેવાકાળ દરમ્યાન પણ અનેક વખત ચડતી પડતી જોઈ જુદા જુદા સ્વભાવના માણસો સાથે કામ પડવાનું હતું. ક્યારેક કળથી, ક્યારેક સમજાવટથી, ક્યારેક આગ્રહ કરીને, ક્યારેક સંઘર્ષ કરીને ઘણી ભીંસ વચ્ચે સાથીઓને સાથે રાખીને પોતાની સફળ કામગીરી બજાવી. એમનું વિશિષ્ટ લક્ષણ એ હતું કે ગમે તેવા સંઘર્ષની વચ્ચે પણ હાસ્ય અને રમૂજની છોળો એ ફેલાવી શકતા. વર્ગમાં મનોવિજ્ઞાન ભણાવે પણ જરાય ભાર વગર. સાવ સામાન્ય લાગતાં વિધાનો પણ ઊંચી બુધ્ધિથી સભર હોવાને કારણે વિદ્યાર્થીઓ પર ઊંડી અસર કરતાં.

એમના જીવનનું ઉજળું પાસું હતું મૈત્રી જેમની સાથે હૃદયથી મૈત્રી બાંધી એ મૈત્રીને એમણે જીવનના અંત સુધી ટકાવી રાખી. જ્યાં જ્યાં દર્દ અને દુઃખ જોયાં ત્યાં ત્યાં તેમના હૃદયમાંથી કરુણા વહી. અન્યના વિકાસને જોઈને એની અનુમોદના કરી અને જેઓ સહમત ન થયા તેનો ડંખ રાખ્યા વગર ઉપેક્ષા કરી. એમનું જીવન એમના

પોતાનું હતું. તેમને જે કરવા જેવું લાગે તે કરીને રહેતા. એમણે ક્યારેય કોઈપણ બાબતનો ઢાંક પિછોડો ન કર્યો. જેવું હૈયે તેવું જ હોઠે હતું. બીજી રીતે કહીએ તો એમનું જીવન સંપૂર્ણ રીતે પારદર્શક હતું. ઢોંગથી તેઓ હંમેશા દૂર ભાગતા. એમણે ક્યારેય કોઈ વાતનો ડંખ રાખ્યો ન હતો. મનદુઃખ થયું હોય તો ક્ષમા માગવાની તેઓ હંમેશા ઉદારતા દાખવતા. ઘણીવાર અપમાનીત કડવા ઘુંટડાને ગળી જઈને તેઓ સંઘર્ષથી દૂર રહેવાનું પસંદ કરતા. પરંતુ સંઘર્ષમાં ઉતર્યા પછી છેક સુધી લડી લેવાની ખુમારી પણ તેમણે બતાવી હતી.

ટ્રાક સોસાયટી તેમને માટે બીજું ઘર હતું. ઘણાં પુસ્તકો લખ્યાં અને ભાષાંતરો પણ કર્યા. નિવૃત્તિ વખતે પણ ખૂબજ નિકટતાથી તેઓ સંકળાયેલા રહ્યા. શ્રી મનુબહેન તથા પુત્રી લીઝા સાથેના કુટુંબ જીવનમાં સૌહાર્દ અને સ્નેહ હંમેશા તરવરતા. મિત્રો સાથેના સંબંધમાં નિર્મળતા, નિરાડદજવરતા અને નિઃસ્પૃહતા સદાય જોવા મળતા. અન્યના નાનકડા ઉપકારને પણ સદાય યાદ રાખનાર ચૌહાણ સાહેબ સૌના પ્રીતિપાત્ર હતા.

એમના અંતિમ સંસ્કાર વખતે ઊભરેલો ખ્રિસ્તી સમાજ, મિત્રો, સંબંધીઓ માત્ર ઔપચારિક રીતે હાજર ન હતા સૌના હૃદયમાં રહેલા ભગવત્ પ્રસાદ માટે સૌના હૃદયની અંજલી બની રહી.

# પ્રિ. શ્રી ભગવત પ્રસાદ ચૌહાણને

માનાંજલિ મમ મિત્ર સ્વીકારો !
છો ખરે જ અભિવાદનના અધિકારી
સાહિત્ય સાથ ઈસુને મહિમા
દેતાં કીધી પ્રભુ સેવ સારી.

શબ્દોના મોતીને વસ્તુના ધાગે
રચી છે માળા વાર્તાના ગ્રંથે,
સોહે છે કૃતિ તેજના ઝબકારે
કીધી અનન્ય સેવા કલાકારે કળાએ.

સાંપ્રત કાળે બહુવિધ બોજા,
વહેતાંયે કીધું સર્જન અનેરું,
રસપાન ગુર્જર જનને કરાવ્યાં,
સ્વીકારો ભ્રાતા ! અહોભાવે અભિવંદુ.

યાચું હૃદયથી ભરે પાત્ર વિભુ,
બળ, બુદ્ધિ ને જ્ઞાન (ને આયુ) ના દ્રવ્યે તમારું,
નિત્ય સ્ફૂરો સરવાણીઓ સૃજનની
સેવા તણી, દીવડીઓ, રહે સદાય જલતી.

- ઓનેસીમસ ક્રિસ્ટી

# સ્વ. ફ્રિ. પ્રસાદને સ્મર્ણાંજલિ

ઓ.... સાહિત્યનાં તારલા, ખ્રિસ્તી આકાશના
ઊગી ચમકીને આજ ડૂબી ગયો આજ ડૂબી ગયો.....
તારા તેજના ફુવારે કે માનવતાના આરે,
ઈસુના પ્રેમના સાગર કિનારે.
ભીંજી ભીંજાવીને અમને નવડાવીને,
સૌને નવડાવીને, ડૂબી ગયો આજ ડૂબી ગયો.....
તારું, હસતું વદન આજ સૂનું સદન
હૈયે છે ગમ ને આંખે રુદન, તારા સ્મરણોની મીઠી સુગંધ
અમારા ચિત્તમાં સૌના એ ચિત્તમાં
મૂકી મૂકીને આજ ડૂબી ગયો આજ ડૂબી ગયો....
રોપ્યા કર્તવ્યના ઝાડ, ચોગમ ઈસુની છે વાડ
ફળ મીઠાં લાગ્યા, મીઠાંને લડાવ્યા છે લાડ
ચાખી ચખાડીને અમને ચખાડીને
સૌને ચખાડીને ડૂબી ગયો આજ ડૂબી ગયો....
મારો ન્હોતો પરિચિત, તોય લાગ્યો પરિચિત
તારા વક્તવ્યમાં, તારા કર્તવ્યમાં, તારા લેખનમાં
પીરસ્યો ઈસુનો પ્રસાદ, આત્મા જગાડતો એ સાદ
અમને પહોંચાડીને સૌને પહોંચાડીને ડૂબી ગયો આજ ડૂબી ગયો...
મળ્યું સ્વર્ગ વતન, દિવ્ય શાંતિ સદન
પુનઃમિલન, શાસ્ત્રવચન, ઈસુનું સત્ય વચન
અમને કહીને સૌને કહીને ડૂબી ગયો આજ ડૂબી ગયો....
ઈસુની ગોદમાં ઊંઘી ગયો આજ ઊંઘી ગયો.....

- એક વડીલ શુભેચ્છક તરફથી

# :: અનુક્રમણિકા ::


| ક્રમ | વાર્તા | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ફેની નામનો પોપટ | ૧ |
| ૨. | સિયોના | ૮ |
| ૩. | બેનમૂન બક્ષિસ | ૧૨ |
| ૪. | મમ્મીની બર્થ ડે | ૧૭ |
| ૫. | ઈશ્વરની ભેટ | ૨૨ |
| ૬. | ગાદીનો વારસ કોણ ? | ૨૭ |
| ૭. | એક નવાઈની ચીજ | ૩૧ |
| ૮. | ચાર અંધજનોની વાત | ૩૬ |
| ૯. | ભોળીદાસ | ૪૪ |
| ૧૦. | જંગલમાં મિજલસ | ૪૯ |
| ૧૧. | પ્રેમનો પ્રભાવ | ૫૫ |
| ૧૨. | એકલપેટો નગરશેઠ | ૬૧ |
| ૧૩. | સફેદ કબૂતર | ૬૮ |
| ૧૪. | બેવડો અધિકાર | ૭૪ |

# ૧ ફેની નામનો પોપટ

નાનકડો અનિલ સ્કૂલેથી છૂટીને ઘેર આવ્યો. એણે બગીચાનો લોખંડનો દરવાજો ખટાક કરીને ઉઘાડ્યો. ને તરત જ "મમ્મી ! મમ્મી !" કરતો ઘરમાં દોડ્યો.

એની મમ્મી બહાર નીકળી. એણે કહ્યું, " દીકરા અનુ, આવી ગયો બેટા !" અનિલે ઘરમાંથી કહ્યું, "હા મમ્મી, આજે તો સ્કૂલમાં ખૂબ મજા પડી ! આજે તો સ્કૂલમાં પશુ પંખીની ફિલ્મ બતાવી. ઈશ્વરે કેવાં જાતજાતનાં પ્રાણીઓ બનાવ્યા છે ! એવી મજા પડી કે પૂછો ન વાત !"

મમ્મીએ કહ્યું, "જો, આજે પણ તું દરવાજો બંધ કરવાનું ભૂલી ગયો, નહિ ? જા જોઈએ બેટા, જઈને દરવાજો બંધ કરી દે." અનિલે શર્ટ તો ઉતારી દીધું હતું, એક બૂટ હાથમાં ને એક બૂટ પગમાં એમ તે દરવાજો બંધ કરવા દોડી ગયો.

એ દરવાજો બંધ કરીને અંદર આવ્યો. એની મમ્મી એનું શર્ટ લેતી હતી. એણે શર્ટ ખૂણામાં ફેંક્યું હતું. શર્ટ લેતાં લેતાં એણે કહ્યું, "અનુ, તારું દફતર બરોબર મૂક્યું છે ને ?" અનુએ કહ્યું "મમ્મી એ તો પરસાળમાં ભૂલી ગયો !" એની મમ્મીએ કહ્યું, "સારું છે કે તારું માથું ધડ ઉપર ચોંટેલું છે, નહિ તો તું એ પણ ભૂલી જાત!". એની મમ્મી અનુનું દફતર, બૂટ ને મોજાં ને કપડાં બરોબર ગોઠવતી હતી, ત્યાં તો નાનકડો બ્લેકી નામનો કૂતરો અંદર દોડી આવ્યો. ને વાંઉં વાંઉં કરતો અનુના ખભા સુધી બે પગે પહોંચી ગયો. તે અનુને ચાટવા લાગ્યો.

અંદરથી ફેની નામના પોપટે કહ્યું, " અનુ, અનુ દીકરા, આવી ગયો !" ખૂબ મજાનો નાનકડો પોપટ હતો. ઘરનાં બધાને તે નામ દઈને બોલાવતો. અનુ તરત જ ફેનીના પીંજરા તરફ દોડી ગયો. બ્લેકી પણ એની પાછળ દોડ્યો.

અનુએ ફટ લઈને પીંજરાનું બારણું ઉઘાડી નાખ્યું. નાનકડો, લીલા રંગનો, લાલ લાલ ચાંચવાળો પોપટ ઊડીને અનુના ખભા પર બેસી ગયો, ને આનંદની ચિચિયારીઓ પાડવા લાગ્યો. બ્લેકી પણ ખુશીમાં આવી ગયો, એક પંખી ને એક પ્રાણીના અવાજોથી આખું ઘર ગાજી રહ્યું.

અનુનો એક બૂટ હજુયે પરસાળમાં પડ્યો હતો. પોપટ ને કૂતરા સાથે ગેલ કરતા અનુને મમ્મીએ કહ્યું, "અનુ તું તારો એક બૂટ પરસાળમાં ફેંકીને આવ્યો છે !" બ્લેકી દોડ્યો અને મોંમાં પકડી અનુનો બૂટ લઈ આવ્યો.

અનુએ કહ્યું, " સોરી મમ્મી !" ને બ્લેકીને કહ્યું "થેન્ક્યુ બ્લેકી !"

બ્લેકીની પૂંછડી તો સતત હલતી જ હતી. નાનકડો બ્લેકી ને પાળેલો પોપટ બંને પોતાના ભાઈબંધને જોઈ ખૂબ ખુશ થઈ ગયાં હતાં. મમ્મીએ કહ્યું, "ફેનીને પીંજરામાં પૂરવાનું ભૂલતો નહિ, હોં કે !" અનુએ કહ્યું, "એ તો કંઈ ભૂલાતું હશે ?" પોપટ બોલ્યો, "મમ્મી, નાસ્તો....." ને તરત જ અનુને પોતાનો નાસ્તો યાદ આવ્યો. એ પોપટને લઈ રસોડામાં દોડ્યો. મમ્મીએ કહ્યું, "અનુ જમવાનું તૈયાર છે !" ત્યાં તો બહારથી બૂમ પડી "અનુ ! અનુ!" અનુ હાથમાં દૂધનો ગ્લાસ લઈને બહાર દોડ્યો. બહાર એનો દોસ્ત

સેમી ઊભો હતો. એના હાથમાં બેટ બોલ હતાં. ત્યાં જ અનુનો મોટો ભાઈ સુનીલ આવ્યો. એકીશ્વાસે દૂધ પીતા અનુને જોઈ એ બોલ્યો, "અનુ ધીરેથી પી, એટલી બધી શી ઉતાવળ છે ? સેમી કંઈ નાસી નહિ જાય !" સુનીલ ઘરમાં ગયો એટલે બ્લેકી એની પાછળ દોડ્યો. પોપટ તો હવે અનુના માથા ઉપર બેઠો હતો. અનુ પોપટને વહાલ કરતો હતો. પ્રેમથી પંપાળતો એના પીંજરા પાસે લઈ ગયો, એણે કહ્યું, "ફેની, તું ને બ્લેકી ઘરમાં જ રહો. હું હમણાં જ રમીને આવ્યો" કહી પોપટને પીંજરા પાસે મૂકી એ સડસડાટ બહાર દોડી ગયો. બારણું ખુલ્લું જ રહી ગયું.

થોડીવાર પછી સુનીલ બહાર ગયો. એણે દરવાજો ઉઘાડો જોયો. એણે કહ્યું, "મમ્મી જો તો ખરી, આપણો તોફાની બારકસ દરવાજો ખુલ્લો મૂકીને રમવા દોડ્યો છે !" મમ્મીએ દરવાજો બંધ કરતાં કહ્યું "સુનીલ બેટા, તારો ભાઈ જેટલો રમતિયાળ છે તેટલો જ ભૂલકણો છે !"

બંને ઘરમાં જતાં હતાં ત્યાં ફોનની ઘંટડી વાગી. પપ્પાનો ફોન હતો. એમણે કહ્યું, "આજે મારે થોડું મોડું થશે. તમે બધાં જમી લેજો." સુનીલે કહ્યું "ઓ.કે. પપ્પા!". સુનીલે કહ્યું, "મમ્મી, આજે તો અમારા શિક્ષકે ખૂબ ઘરકામ આપ્યું છે, એટલે હું તો સીધો ભણવા બેસું છું."

સુનીલ ભણવા બેઠો, મમ્મી ઘરકામમાં પડી. આ તરફ ખુલ્લા મેદાનમાં અનિલ, સેમી અને તેના ભાઈબંધો ક્રિકેટ ખેલવામાં એટલા બધા મશગૂલ થઈ ગયા હતા કે સાંજ પડી ગઈ હતી તો એ ચાલુ જ હતી.

ત્યાં બ્લેકી ભસ્યો, સુનીલ ઘરકામ પડતું મૂકી ફેનીનાં પીંજરા પાસે ગયો. એણે જોયું તો પીંજરું તો ઉઘાડું હતું ને ફેની ક્યાંય દેખાતો ન હતો. એણે ફેની ! ફેની ! એમ કેટલીય બૂમો પાડી, એની મમ્મી પણ ધસી આવી. બંનેએ બધાં ઓરડા જોઈ નાખ્યાં, બગીચામાં પણ એકે એક ઝાડ તપાસ્યું પણ ક્યાંય ફેનીનો પત્તો નહોતો.

હવે બંનેના મોં પરથી નૂર ઊડી ગયું. સુનીલ ઝાંપો ખોલીને બહાર ગયો. એણે બૂમ પાડી, "અનુ અનુ !" અનુએ કહ્યું, "આવું છું, જો ને મારો દાવ ચાલે છે," કહી એક ફટકો મારી તે રન લેવા દોડ્યો.

હવે સુનીલે ગુસ્સે થઈને કહ્યું, "અનુ, આ મિનિટે જ ચાલ નહિતર ......." સુનીલના અવાજમાં જે ક્રોધ હતો એનાથી અનિલ ગભરાઈ ગયો. "શું કંઈ અજુગતું થઈ ગયું હશે ? મારાથી કંઈ ભૂલ થઈ ગઈ હશે ?" એમ વિચારતો તે બેટ મૂકી ઝડપથી ઘર તરફ દોડ્યો. ઘરે જોયું તો મમ્મી, સુનીલ બંને ખૂબ અસ્વસ્થ દેખાતાં હતાં.

"શું થયું મમ્મી, શી વાત છે !"

"ફેની ક્યાં છે ?" સુનીલે ગુસ્સા ભર્યા અવાજે પૂછયું. અનુ હવે રીતસરનો ગભરાઈ ગયો. એણે પોપટના ઉઘાડા પીંજરા તરફ નજર કરી, પીંજરું ખાલી હતું !

અનિલે ચારે બાજુ જોઈ કહ્યું, "મમ્મી ..... મેં .... મારાથી .....હું ફેનીને પીંજરામાં પૂરવાનું ભૂલી ગયો હતો. !" હવે તો તે રીતસરનો રડી પડ્યો. કયાં હશે ફેની ? એનો લાડકો પોપટ ક્યાં હશે?" એ ખૂબ મૂંઝાઈ ગયો હતો.

"મેં તને સો વાર કહેલું કે પીંજરું ખુલ્લું રાખતો નહિ ને ફેનીને બહાર કાઢે તો ઘરનાં બારણાં બંધ રાખજે." મમ્મીએ પણ થોડા ગુસ્સાથી કહ્યું.

"મૂરખ છોકરા, સુનિલે કહ્યું, ફેનીને તેં જ પીંજરામાંથી કાઢ્યો હતો અને એને એમને એમ મૂકી બારણું ખુલ્લું મૂકી તું કેમ રમવા નાઠો ?"

"મારાથી ભૂલ થઈ ગઈ !" રડતાં રડતાં અનુ બોલ્યો.

"હવે કદાચ આપણે એને ક્યારેય પાછો જોઈ શકીશું નહિ." મમ્મીની આંખોમાં પણ આંસુ હતા.

"કદાચ એને કોઈ બિલાડી મારી પણ નાખે! હવે તારે શું કહેવાનું છે ?"

"શું તમે બધા રૂમોમાં તપાસ કરી ?" એણે રડતાં રડતાં પૂછ્યું, " એક વાર નહિ, બબ્બે ને ત્રણ ત્રણ વાર." સુનીલે ઘૂરકિયું કર્યું. બ્લેકી કૂતરો પણ સૂંઢમૂંઢ થઈ ગયો હતો. એ અનુ પાસે જઈ પૂંછડી પટપટાવવા લાગ્યો. અનુની આંખોમાંથી આંસુ એના ગાલ પર ટપકતાં હતાં.

ત્યાં મમ્મીએ કહ્યું, "આપણે જો પીંજરાને બહાર ઊંચે મૂકીએ તો કદાચ ફેની પાછો આવે."

હવે સુનીલ થોડોક ઠંડો પડ્યો હતો. એણે કહ્યું, "મમ્મી તારી વાત સાચી છે. ચાલ અનુ પેલી સીડી લઈ આવ. આપણે પીંજરું થોડું ઊંચે લટકાવીશું." એણે અનુની પાસે જઈ એને થાબડતાં કહ્યું. બંને ભાઈ દોડ્યા. મમ્મીએ કહ્યું, "અંદર લાલ મરચાં પણ મૂકજો, ફેનીને

લાલચોળ મરચાં ખૂબ ભાવે છે.'' ત્રણેએ થઈ પીંજરું ખાસ્સું ઊંચે લટકાવ્યું અને 'ફેની!' 'ફેની!' કહી ફરી ફરી વૃક્ષો પાસે જઈ બોલાવવા લાગ્યા. પણ ફેની ત્યાં હોય તો આવે ને !

ત્રણે નિરાશ થઈ ઘરમાં ગયાં. મમ્મીએ અનુને કહ્યું, ''બેટા! ભૂલ તો બધાંથી થાય, આપણે ઈશ્વરને પ્રાર્થના કરીશું કે તે આપણો ફેની આપણને પાછો આપે. તમે બન્ને ચાલો જમવાનું તૈયાર છે.''

''ના મમ્મી, મને ભૂખ નથી. મારા ફેની વગર મને જમવાનું કેમ ગમે ?'' કહેતાં કહેતાં ફરી એની આંખોમાં આંસુ ઉમટી આવ્યાં. તે દોડીને પોતાના રૂમમાં ભરાઈ ગયો.

મમ્મીએ થોડીવાર પછી એની રૂમમાં જઈને જોયું તો અનુ ઈશ્વરની હજૂરમાં ઘૂંટણિયે પડ્યો હતો. બે હાથ જોડી આંખમાં આંસુ સાથે તે કહેતો હતો ''હે પ્રભુ, અમારો ફેની અમને પાછો આપજો. મારી બેદરકારી બદલ હું તમારી ક્ષમા માગું છું. ફેનીને સાજોસમો પાછો લાવજો.'' પ્રાર્થના કરતાં કરતાં તે ચોધાર આંસુએ રડી પડ્યો. મમ્મીએ દોડીને અનુને ઊંચકી લીધો. તેનાં આંસુ લૂછતાં કહ્યું, ''બેટા, મારો પણ વાંક તો છે. મેં પણ ફેનીનું ધ્યાન ન રાખ્યું એ મારી પણ ભૂલ હતી.''

પપ્પા થોડા મોડા આવ્યા ત્યારે પણ ત્રણમાંથી કોઈ જમ્યું નહોતું. પપ્પાએ કહ્યું, ''આજે બારણા ખુલ્લાં કેમ છે ?'' મમ્મીએ કહ્યું, ''આપણો ફેની ક્યાંક ઊડી ગયો છે અમે ત્રણે જમ્યાં પણ નથી.'' એ એવું કહેતી હતી ત્યાં જ બહારથી અવાજ આવ્યો, ''અનુ કેમ છો ? સુનીલ કેમ છો ? મજામાં ને ? અનુ .... અનુ ..... ''

અનુ સૌથી પહેલો બહાર દોડી ગયો. બહાર પીંજરા ઉપર

પોપટ બેઠો હતો. અનુને જોઈ એ તરત એના ખભા પર બેસી ગયો. આનંદના અતિરેકમાં બ્લેકી પણ જોરજોરથી ભસવા લાગ્યો. કોઈ ખૂબ મોંઘી અનામત લાવતો હોય તેમ હળવેથી અનુ પોપટને ઘરમાં લઈ આવ્યો. સુનીલે બારણાં બંધ કર્યાં અને અનુને કહ્યું, "અનુ, મારા ભઈલા, મને માફ કરજે હું તારા પર ખૂબ ગુસ્સે થઈ ગયો હતો." અનુએ કહ્યું, "મોટા ભાઈ, વાંક તો મારો જ હતો ને ! હું મારો પાઠ શીખી ગયો છું. હવે હું બેદરકારી નહિ બતાવું. "

મમ્મીએ કહ્યું, "બેટા, ઈશ્વર કેટલા ભલા છે ! એમણે તારી પ્રાર્થના સાંભળીને ફેનીને પાછો મોકલી આપ્યો."

પપ્પાએ કહ્યું, "આપણો તો ત્રીજો દીકરો પાછો આવ્યો, ચાલો, આજે તો કંઈ મિષ્ટાન થઈ જાય !" બધાં હસી પડ્યાં.

# ૨ સિયોના

સિયોના નામે નાનકડી છોકરી. મા બાપની એકની એક દીકરી. એના મિલ માલિક પિતા પાસે ખૂબ પૈસો. પિતાને મિલની અને મમ્મીને કલબોની ચિંતા. ઘરમાં એના જેટલું કોઈ નહિ. મહેલ જેવું મોટું ઘર. દાદા દાદી ખૂબ ઘરડાં. ઘરમાં સિયોના એકલી એકલી ફરે. આસપાસનાં ઘરોમાં ખૂબ ગરીબ માણસો રહે. મોટા ઘરની એકની એક લાડકી છોકરીને કોઈ ઘરની બહાર જવા ન દે. ગરીબ ને ગંદા છોકરા સાથે રમવા ન દે. ઊડાઊડ કરતાં પંખીને એ જોયા કરે. એને પણ ઘરમાંથી બહાર ઊડી જવાનું મન થાય. પણ કોઈ એને જવા દે તો એ જાય ને ! એટલે એ ઘરમાં ને ઘરમાં પૂરાઈ રહે. ઘરડાં દાદા દાદી પાસે જ એને કંઈક ગમે.

સિયોના માટે એના પિતાએ એક ખાસ આયા રાખેલી. આધેડ વયની આયાને માત્ર સિયોનાને સાચવવાનું કામ. કડક સ્વભાવની આયા એને ક્યાંય જવા ન દે. પીંજરામાં પૂરાયેલા પંખી જેવી સિયોનાની હાલત. ઘરમાં રમકડાંના તો ઢગલા, પણ રમી રમીને એ રમકડાં સાથે કેટલું રમે ? નહાવાનું ને જમવાનું. ઊઠવાનું ને સૂઈ જવાનું. એ બધું જ ઘડિયાળના ટકોરાને આશરે ચાલે. સાંજે દાદા દાદી પાસે જવાનું, પણ બપોરે તો સિયોનાને ફરજિયાત પોતાના રૂમમાં જ રહેવાનું. રૂમની બહાર આયા જાણે કે કેદીને સાચવતા સિપાઈની જેમ ચોકી પહેરો ભરે.

એક દિવસની વાત છે. આધેડ આયાને ઝોંકું આવી ગયું. સિયોના તો આની જ વાટ જોતી હતી. એ તો બિલ્લી પગે ઘરની

રહી, દોડતી જ રહી. ત્યાં જ અચાનક એક કૂતરો ભસ્યો. સિયોનાએ જોયું તો એક ગરીબ ઘરના વાડા સામે એ આવી ગઈ હતી. એની છાતી તો ધડક ધડક થતી હતી.

"કેવી ગભરાઈ ગઈ ?" કોઈકે કહ્યું. સિયોનાએ જોયું તો ઘરના ઝાંપે એની ઉંમરની ત્રણ નાનકડી છોકરીઓ ઊભી હતી, ને સિયોના સામે હસતી હતી.

ચારેક વર્ષની એક હસમુખી છોકરીએ પૂછ્યું, "બેબી, તારું નામ શું છે?"

"સિયોના .... સિયોના ફાર્મર."

"કેવું સરસ નામ છે ?" એકે કહ્યું, બીજીએ પૂછ્યું, "તું ક્યાં રહે છે ?"

"પાસેના એક બંગલામાં." "હા, પણ તારું નામ તો તેં ન કહ્યું," કહેતી સિયોના પણ ખિલખિલાટ કરતી હસી પડી. ગુલાબ જેવો એનો આખો ચહેરો ખીલી ઊઠ્યો.

"મારું નામ ડોલી, આનું નામ લીલી, અને આનું નામ લીઝા. પેલો હીંચકા ખાય છે તે અમારો નાનો ભાઈ છે. અરે, પણ તું બહાર કેમ ઊભી છે ? અંદર આવને !" ને ત્રણેય બહેનો હાથ પકડી સિયોનાને ઘરમાં ખેંચી ગઈ.

સિયોનાએ જોયું તો ઘરમાં બધું ફર્નિચર જૂનું, ખુરશીઓ પણ તૂટેલી - ફૂટેલી. છોકરાઓની માએ સિયોનાને ખૂબ પ્રેમથી આવકારી. બે ત્રણ સફરજન હતાં તે કાપીને વહેંચ્યાં. સિયોનાને તો મજા પડી ગઈ.

ત્રણે બહેનો તરત જ સિયોનાને પોતાના માળિયામાં લઈ ગઈ ત્યાં એક તૂટેલો ખાટલો હતો. ડોલીએ કહ્યું, "અમે ત્રણે બહેનો આ ખાટલામાં જ સૂઈ જઈએ છીએ." ત્રણે નાનકડી બહેનો હીંચકા જેવા ખાટલામાં સૂતી હશે તો ત્રણેને કેવી મજા પડતી હશે ! સિયોનાને થયું, 'મારે પણ કોઈ ભાઈ કે બહેન હોત તો કેવી મજા પડત !'

બધા છોકરાં ધાબા પર ગયાં ને ત્યાં બધા કૂદકા મારવા લાગ્યાં ધમાચકડી મચી રહી. ત્યાં નીચેથી બૂમ પડી, "એ તોફાની બારકસો, નીચે ઊતરો છો કે પછી ફટકારું ?" ચારે ધાબા પરથી નીચે ઊતરી. સિયોના તો ડરી ગઈ હતી. પણ એણે જોયું કે છોકરીઓની મા ગુસ્સે નહોતી થઈ, એ તો હસતી હતી. સિયોના પણ ખિલખિલ કરતી હસી પડી.

મા એ તો છોકરાંઓ માટે ગરમ ગરમ નાસ્તો તૈયાર કર્યો હતો. પોતાના ઘર જેવી મોંઘી સુગંધીદાર રસોઈ નહોતી પણ ગરીબ ઘરનો સાદો નાસ્તો હતો. મા એ સિયોનાને ચુંબન કરી એને પણ સાથે બેસવાનું કહ્યું. ત્રણે છોકરીઓ તો કૂદકા ભરવા લાગી. સિયોનાએ પણ ઠેકડા લગાવવા માંડ્યાં. એને વધુ મજા તો ત્યારે પડી જ્યારે ચારેય છોકરીઓએ એક જ થાળીમાં ખાધું. આ સાદા નાસ્તામાં કેટલી મીઠાશ હતી ! ખાતાં ખાતાં પણ મસ્તી તોફાન તો ચાલુ જ હતાં.

જમ્યા પછી સંતાકૂકડીની રમત ચાલી. એક દાવ આપે અને બાકીના બધાં ગમે ત્યાં સંતાઈ જાય. દાવ આપનાર ખોળવા નીકળે. સિયોનાને ડોલી ખેંચીને કોઠારમાં લઈ ગઈ. ત્યાં ઘોર અંધારું હતું. દાવ આપનારે "તૈયાર ? " કહ્યું, એટલામાં તો સિયોનાના પગ પાસેથી કશુંક સરકી ગયું. સિયોનાથી ચીસ પડાઈ ગઈ. ડોલીએ એના મોઢે હાથ મૂકી કહ્યું "ડરપોક છોકરી, નાની ઉંદરડીથી ડરી ગઈ ?"

લાંબી રમત પૂરી થઈ ત્યારે સિયોના જાણે શ્રીમંત ઘરની છોકરી રહી નહોતી. એનું ફ્રોક ચોળાઈ ગયું હતું. વાળ વિખેરાઈ ગયાં હતાં. વાળમાં નાખેલી રિબિન ક્યાંક પડી ગઈ હતી. આખું શરીર ધૂળ ધૂળ થઈ ગયું હતું. માથા પર, હાથે ને પગે બધે જ બાવા ચોંટ્યાં હતાં.

પછી ચોર-પોલીસની રમત ચાલી. પોલીસ આવી ને ચોર નાઠા. ચોર બનેલી સિયોના પડી ગઈ પણ હંમેશાની જેમ એણે ભેંકડો તાણ્યો નહિ. વાગ્યું છતાં રમતી જ રહી. સમયને તો જાણે પાંખો ફૂટી હતી.

ત્યાં જ "સિયોના છે કે ? સિયોના ફાર્મર છે કે ?" એવો કર્કશ અવાજ સંભળાયો. સિયોના તરત જ હીંચકા પરથી ઊતરી ગઈ. સ્વર્ગ જાણે જમીન પર આવી ગયું.

સિયોનાનું રૂપ જોઈને આયા તો ખૂબ ગુસ્સે થઈ. એણે સિયોનાનો હાથ ખેંચી કહ્યું, "આ શો વેશ બનાવ્યો છે ? ખબર નથી, તું તો મિલ માલિકની છોકરી છે ? આવાં ભિખારડાં જોડે તું રમે તે કેમ ચાલે ? આપણે ત્યાં કેટલાં બધાં કીમતી રમકડાં છે ! ચાલ, ચાલ મારે તો તને સારી પેઠે સ્નાન કરાવવું પડશે." કહી એ તો સિયોનાને ખેંચીને લઈ ગઈ. બિચારી સિયોના તો વધઃસ્થાને જતા પશુની જેમ ઢસડાતી હતી. વળી વળીને પાછળ જોતી હતી.

વિશાળ બાથરૂમમાં નહાવા બેઠેલી સિયોનાને તો હજુય પેલી દોડાદોડી ને ધમાચકડી જ આંખ સામે દેખાતાં હતાં. ! આયા કશુંક કહેતી હતી પણ પેલા મસ્તી તોફાન ને આનંદ કિલ્લોલના અવાજોના ભણકારા હજુ સિયોનાના મનમાં ગુંજતા હતા. ત્યાં બીજું ક્યાંથી સંભળાય ?

હાલના જર્મનીમાં સ્ટ્રોસબર્ગ નામનું શહેર. વર્ષો પહેલાં આ શહેરમાં હાન્સ નામનો ગરીબ જર્મન છોકરો રહે. ગરીબીને કારણે એ ચીંથરાં જેવા વસ્ત્રો પહેરે.

એક દિવસની વાત છે. શિયાળો તો કહે મારું કામ. આખો દિવસ બરફની વર્ષા થઈ હતી. મકાનો અને વૃક્ષો જાણે સફેદ ચાદરો ઓઢીને ઊભાં હતાં.

શહેરમાં એક વિશાળ ચર્ચ. ખૂબ ઊંચો એવો એનો મિનારો. મિનારામાં એક મોટું ઘડિયાળ. ઘડિયાળમાં ટન્ ટન્ ટન્ ટન્ ટન્ એમ સાંજના પાંચ ટકોરાં પડ્યાં. હાન્સ મંદિરના દરવાજા પાસે ઊભો હતો. ત્યાં ઠંડી ઓછી લાગતી હતી. હાન્સને થતું હતું કે પેલો ઊંચો મિનારો કેવો દેખાતો હશે ! એની ઘડિયાળ અને ઘંટ જોવાની કેવી મજા પડે ! ત્યાં જ હિમ જેવા ઠંડા પવનનો એક સુસવાટો આવ્યો. હાન્સના ચીંથરેહાલ વસ્ત્રોમાં અને શરીરમાં ઠંડીનું લખલખું આવી ગયું. નાનકડો છોકરો પગથી માથા સુધી ધ્રૂજી ઊઠ્યો.

એ જ ક્ષણે મંદિરનો વિશાળ દરવાજો ખટ ખટ ખટાક થઈને ઊઘડ્યો. હાન્સને થયું કે હવે ધાર્મિક સ્ત્રી-પુરુષો પ્રાર્થના કરવા માટે ચર્ચમાં આવશે.

હાન્સ પોતે તો આ મંદિરમાં ક્યારે પણ પ્રવેશ્યો નહોતો. પણ એણે દરવાજાની બહાર ઊભા રહી દૂરથી પ્રકાશતી ઝગઝગતી મીણબત્તીઓ જોઈ હતી. માતા મરિયમના ખોળામાં બેઠેલા બાળ ઈસુનું શિલ્પ તેણે ભક્તિભાવથી નિહાળ્યું હતું. દૂધ જેવા સફેદ ઝભ્ભાવાળા ધર્મગુરુઓને દૂરથી જોયા હતા.

દેતું. જો એના કપડાં થોડાંક ઓછા ફાટેલાં હોત તો એ જરૂર મંદિરમાં જાત જ. એણે ગરીબ માણસોને પણ ભક્તિભાવ પૂર્વક અંદર જતાં જોયાં હતાં ! પણ એના પગમાં નહોતા બૂટ કે માથા પર નહોતી ટોપી. એનાં કપડાં કહેવા કરતાં ચીંથરાં જ કહી શકાય ! માબાપ વગરના અનાથ છોકરા પાસે હોય પણ શું ?

ત્યારે મંદિરમાં જતી સ્ત્રીઓએ તો ફરના (ચામડાના) કિંમતી કોટ પહેર્યાં હતાં. માથા પર ચમકતા ઊનની હેટો હતી. પુરુષોએ પણ ગરમ કપડાંના સૂટ પહેર્યાં હતાં. ગળા પર મફલર વીંટાળ્યા હતાં. હાન્સને થયું કે મને ક્યારે આવાં ગરમ ને ભભકાદાર કપડાં મળશે ? ક્યારે આ છરી જેવી કાતિલ ઠંડી ઓછી લાગશે ? ક્યારે પેટમાં ભડભડતી ભૂખની આગ ઓલવાશે ?

નાનકડો હાન્સ બહાર ઊભો રહીને મંદિરમાં જતાં ટોળાંને જોતો હતો. ત્યાં એક ઘોડાગાડી આવી. શણગારેલી બગીમાં એક નાનકડી બાળા બેઠી હતી. જાણે નાનકડી પરી ન હોય ! તેણે ફરીને હાન્સ સામે જોયું અને પછી સાથેની સ્ત્રીને કંઈક કહ્યું, સ્ત્રીએ પોતાની બાસ્કેટમાંથી એ બાળાને કંઈક આપ્યું. બગીના કોચમેને બારણું ઊઘાડ્યું અને બંને ચર્ચ તરફ આવ્યાં.

બંને કેટલાં સુંદર લાગતાં હતાં ! પેલી હસમુખી નાનકડી બાળા તો જાણે કાંઈ સુંદર ફૂલપરી ન હોય ! એનો કોટ સુંવાળો સફેદ ફરનો હતો. એવી જ સફેદ, ઝુલઝુલતી ગુચ્છાદાર ટોપી પહેરેલી હતી. એના વાંકડિયાં ઝૂલ્ફાં ટોપીમાંથી એના ચહેરા પર ફરફરતા હતાં. પગમાં કિંમતી સફેદ બૂટ ને સફેદ મોજાં હતાં.

બંને ચર્ચનાં પગથિયાં પાસે આવ્યાં ત્યારે હાન્સે જોયું કે નાનકડી બાળાના હાથમાં લાલ સફરજન હતું. એ પગથિયાં પર ચડ્યો ત્યારે હાન્સને તો શું થઈ રહ્યું છે એ ઘડીભર તો સમજાયું જ નહિ. પેલી નાનકડી બાળાએ એની પાસે આવીને કહ્યું, "ભઈલા, તને આ સફરજન ગમશે ?" પછી હાન્સના જવાબની રાહ પણ જોયા વિના તે હાન્સના અધખુલા હાથમાં સફરજન મૂકી પેલી સ્ત્રીની પાછળ ચર્ચમાં પ્રવેશી ગઈ. મૂંઝાઈ ગયેલા હાન્સને તો "થેન્ક યુ" કહેવાનો સમય પણ મળ્યો નહિ.

હાન્સ પણ દરવાજાની પાસે દોડી ગયો અને ધ્યાનથી અંદર જોયું તો પ્રાર્થના શરૂ થઈ હતી, અને પેલી નાનકડી બાળા ઘૂંટણિયે પડી, હાથ જોડી, આંખો મીંચી પ્રભુને પ્રાર્થના કરતી હતી. હાન્સને પણ અંદર જવાની તીવ્ર ઇચ્છા થઈ આવી.

હાન્સનું હૃદય જોરથી ધડકતું હતું. મંદિરના પાછળના ભાગમાં ટાંકણી પડે તો સંભળાય તેવી શાંતિ હતી. હાન્સ ધીમે રહીને મંદિરની પરસાળમાં ગયો. ત્યાં ખૂબ મંદ પ્રકાશ હતો. ત્યાં જે ખુરશીઓ પડી હતી તેમાંની એક પાસે તે દોડી ગયો અને ઘૂંટણિયે પડ્યો. તેણે આંખો બંધ કરી હાથ જોડ્યા અને પ્રાર્થના કરી. થોડી વારમાં ઓર્ગનનું સંગીત શરૂ થયું. હાન્સે જોયું તો બધાં માણસો પોતાના ઘૂંટણો પરથી ઊભાં થતાં હતાં.

ધર્મસેવા આગળ ચાલી. ઓર્ગનનું સંગીત અને ગાયકગણનું ગીત સાંભળતાં હાન્સને લાગ્યું કે એનું નાનકડું હૃદય વિશાળ ને વધુ વિશાળ બનતું જાય છે.

આખા દિવસનો ભૂખ્યો હોવાથી એને રડવાની ઇચ્છા થઈ આવતી. પણ એના નાનકડા દિલમાં તો આનંદ જ છલકતો હતો.

એણે જોયું તો એક ધર્મગુરુ સોનાની પ્લેટ લઈને મંદિરમાં ફરતા હતા અને શ્રધ્ધાળુઓની આગળ ધરતા હતા. શ્રધ્ધાળુઓ પ્લેટમાં દાન તરીકે કિંમતી નાણાં મૂકતા હતા.

ગરીબ બિચારો હાન્સ ! એને પણ સોનાની પ્લેટમાં કંઈક નાણાં મૂકવાની, પ્રભુને ચરણે ધરવાની ઈચ્છા થઈ આવી. એણે પોતાનાં ફાટેલાં ખિસ્સા ફંફોળ્યાં. એ તો ખાલીખમ હતાં, ત્યાં જ એને વિચાર આવ્યો કે જે પ્રભુની આ ધર્મગુરુઓ પ્રાર્થના કરે છે, એ પ્રભુને ચરણે પોતાનું ગુલાબી સફરજન ધરી દે તો કેવું !

હાન્સને ઈશ્વર વિશે કશી જાણકારી નહોતી પણ એની પાસે એનું સફરજન હતું. એ જ તો એની એક માત્ર મિલકત હતી. જો એ સફરજન આપી દે તો આજની સાંજે પણ એને ભૂખ્યા રહેવું પડે. સફરજનનો સ્પર્શ જ એને એટલો બધો આનંદ આપતો હતો કે ભેટ આપવાની વાત મુશ્કેલ તો હતી જ સાથે સાથે ઈશ્વર આવું અર્પણ સ્વીકારે કે કેમ તેની બીક પણ લાગતી હતી.

એણે સફરજનને પોતાના હૃદય સાથે દબાવી દીધું. હૃદયના ધબકારા સાથે પેલું સફરજન પણ જાણે ધબકતું હતું. હવે તો ધર્મગુરુ પણ પાસે આવ્યા. એમના સફેદ દાઢીવાળા ચહેરા પર સ્મિત હતું. હાન્સ કૂદકો મારીને પોતાની ખુરશીમાંથી ઊભો થયો. અને એણે પેલી સોનાની પ્લેટમાં પોતાની એકમાત્ર મૂઠી જેવું સફરજન ધ્રૂજતા હાથે મૂકી દીધું.

એણે જોયું કે પેલા સોના ચાંદીના સિક્કાઓ વચ્ચે એ કેટલું સુંદર ને લાલ લાલ દેખાતું હતું! ધર્મગુરુ પ્લેટ લઈને આગળ આવ્યા. તે વેદી પાસે ગયા ત્યારે બધાં માણસોએ પોતાનાં મસ્તકો નમાવ્યાં.

એમણે પ્રાર્થના કરી ત્યારે એક અદ્‌ભુત વાત બની. હાન્સના નાનકડા હાથમાં અત્યાર સુધી જે સફરજન રહ્યું હતું તે હવે શુધ્ધ અને ચળકતા એવા સોનાનાં સફરજનમાં ફેરવાઈ ગયું. !

હાન્સનું હૃદય અવર્ણનીય એવા આનંદથી ધબકવા લાગ્યું. એનો કુમળો ચહેરો પ્રસન્નતાથી વસંતના ફૂલની જેમ ચમકી ઊઠ્યો, મહેંકી રહ્યો. સોનાની પ્લેટમાં જે કંઈ દાન મૂકાયાં હતાં તેમાં નાનકડા ને ગરીબ હાન્સની ભેટ સર્વશ્રેષ્ઠ હતી. મહાન ઈશ્વરની દૃષ્ટિમાં અમૂલ્ય હતી.

## ૪ મમ્મીની બર્થ ડે

અમે ઘરમાં ચાર ભાઈબહેન છીએ. બે ભાઈઓ અને બે બહેનો. સૌથી મોટી બહેન સત્તર વર્ષની અને કોલેજમાં ભણે. સૌથી નાનો ભાઈ સાત વર્ષનો અને પ્રાથમિક શાળામાં ભણે. હું અને મારાથી બે વર્ષ મોટી બહેન અમે બંને હાઈસ્કૂલમાં ભણીએ. ઘરમાં બધાંની વર્ષગાંઠ ભારે ઉમંગથી ઊજવાય. પણ અમારી મમ્મી પોતાની વર્ષગાંઠ ઊજવવા પ્રત્યે ખૂબ ધ્યાન ન આપે.

અમારા પપ્પા ગવર્મેન્ટમાં સર્વિસ કરે. મમ્મી ઘરકામ સંભાળે. ઘરમાં નાનાંમોટાં છ માણસો એટલે ઘરકામ ઘણું રહે. પણ અમારી કામગરી ને હસમુખી મમ્મી કદી પણ કચવાટ ન કરે. ન કદી કોઈને વઢે. કોઈને કશી તકલીફ ન પડે એનું એ સતત ધ્યાન રાખે. અમ બાળકો પ્રત્યે મમ્મી પપ્પાને અખૂટ પ્રેમ. ઘરમાં સતત જાણે વ્હાલપનાં અમી છાંટણાં થયા જ કરે.

ચાર દિવસ પછી મમ્મીની વર્ષગાંઠ આવતી હતી. અમેરિકા જેવા દેશોમાં તો મે મહિનાની અગિયારમી તારીખે 'માતૃદિન' **'Mother's Day'** ઊજવવામાં આવે છે ને માતાઓનું બહુમાન કરાય છે. અમારા આખા કુટુંબ માટે મમ્મી રાતદિવસ કેટલો પરિશ્રમ ઊઠાવતી હતી ! અમોએ પણ મમ્મીની વર્ષગાંઠ ધામધૂમ પૂર્વક ઊજવવાનું ઠરાવ્યું.

અમે નક્કી કર્યું કે આખું ઘર સજાવવું. આખા ઘરમાં કાગળનાં ફૂલો, સાચા ફૂલોનાં તોરણ બાંધવા અને બહાર આસોપાલવનાં. ઘરને વાળીઝૂડી-ઉપરનીચે સાફ કરવું. આંગણું વાળીઝૂડી સાફ કરવું.

ગબડી પડ્યો. એટલે મમ્મીએ જ સાફસૂફીનું કામ માથે લઈ લીધું. અમે બગીચામાંથી આસોપાલવની ડાળીઓ તો લઈ આવ્યાં પણ તોરણ બનાવતાં ટી.વી. જોવા બેસી ગયાં, એટલે એ કામ પણ મમ્મીને માથે જ આવી પડ્યું. એવી જ રીતે ફૂલોને ગૂંથવાનું પણ. મમ્મીની વર્ષગાંઠ તો અમે ઊજવતા હતાં,પણ મમ્મીને નારાજ કઈ રીતે કરી શકાય ? કાગળના ફૂલો બનાવવાની વાતમાં ય કંઈ એવું જ બન્યું.

નાતાલની જેમ મમ્મીની વર્ષગાંઠ પણ એક તહેવાર જ ગણાયને ! અને તહેવારની ઉજવણી હોય તો નવાં કપડાં વગર કઈ રીતે ચાલે ? એટલે મારી બહેનો બજારમાં જઈને નવા ફેન્સી ડ્રેસિઝ ખરીદી લાવી. નાના ભાઈએ મોં ચઢાવ્યું એટલે પપ્પા અમને સાથે લઈને બજારમાં ગયા. અમે પણ નવી ફેશનનાં રેડીમેઈડ શર્ટસ અને પેન્ટસ ખરીદ્યાં.

મમ્મીને પણ અમે સિલ્કની નવી સાડી ખરીદવાનો ખૂબ આગ્રહ કર્યો, પરંતુ એણે હસીને કહ્યું, “બેટા, માસીનાં લગ્ન વખતે હું નવી સાડી લાવી જ હતી.” મોટી બહેને કહ્યું, “મમ્મી, એ વાતને તો બે વર્ષ થઈ ગયાં.” મમ્મીએ કહ્યું, “દીકરી એ હજુ નવી જ છે. એટલે મારે નવી સાડી શું કામ ખરીદવી ?” મમ્મીને નારાજ ન કરવાની તો અમારી ભીષ્મપ્રતિજ્ઞા હતી. એટલે અમારાથી વધુ આગ્રહ કેવી રીતે થાય ? વળી સાચી વાત તો એ હતી કે પહેલાં તો મમ્મી પોતાની વર્ષગાંઠ ઊજવવા પણ તૈયાર નહોતી, માંડમાંડ અમે એને સમજાવી હતી. અમારા પ્રેમાગ્રહને કારણે એ તૈયાર થઈ હતી. પછી એની ઈચ્છાને તો માન આપવું જ પડે ને!

પપ્પાને તો સરકારી નોકરી એટલે સરકારી કામકાજે એમને

બહાર જવાનું થાય. અમે ભાઈબહેનો તો સ્કૂલ કોલેજમાં જઈએ એટલે અમે પણ વારંવાર પિકનિકની મજા માણીએ પણ મમ્મીને રસોઈમાંથી કેવી રીતે રજા મળે ? આમ પણ આજકાલની છોકરીઓની જેમ અમારી બહેનોને રસોઈ કરતાં કંટાળો આવે. એટલે અમે નક્કી કર્યું કે, એની વર્ષગાંઠને દિવસે મમ્મીને રસોડામાંથી રજા મળવી જ જોઈએ. "અમે ચાર ભાઈ બહેનો જ બધું સંભાળી લઈશું." અમારી વાત સાંભળી મમ્મી હસી પડી.

અમારા શહેરથી પચ્ચીસેક કિલોમીટર દૂર એક સુંદર પિકનિક સ્પોટ છે. ત્યાં પહાડ પરથી ખિલખિલ વહેતાં ઝરણાં ખૂબ આકર્ષક છે. વનરાજી પણ ઘટાદાર છે. સરસ મજાનું એટલે કે તરવાની મજા પડે તેવું તળાવ છે. અમારી પાસે મોટર નથી એટલે અમે નક્કી કર્યું કે, ભાડાની મોટર કરીને ત્યાં જવું. મારી બહેનો તો ચા બનાવે ત્યારે કાં તો ખાંડ નાખવાનું ભૂલી જાય કે બે વાર નાખે ! એટલે બહારથી રસોઈયો લાવવાનું ઠરાવ્યું. પણ કમનસીબે રસોઈયો મળ્યો નહિ. એટલે મમ્મીએ જ સવારે ચાર વાગ્યે ઊઠી નાસ્તો બનાવી દીધો. નાસ્તો તો એવો ફાંકડો બન્યો કે જોતાં જ મોંમાં પાણી આવે !

મમ્મીની બર્થ ડે ઊજવાતી હોય ત્યારે સ્કૂલ કે કોલેજમાં કોઈ જાય ખરું ? અમે ફ્રેન્ચ લીવ - રજા વગર રજા લઈ લીધી ! પપ્પાએ તો રજા લીધી જ હતી. બરોબર સમયસર ભાડાની મોટર આવી. એમાં ડ્રાઈવર ઉપરાંત માત્ર પાંચ માણસોને બેસવાની સીટ હતી. અમે તો છ હતાં. વધુ પૈસા આપવાનું કહ્યું. વિનંતીઓ કરી, પરંતુ બ્રિટિશ શિસ્તમાં માનનારો ડ્રાઈવર માન્યો જ નહિ. ન એણે વધારાના પૈસા લીધા કે ન વધારે માણસોને બેસાડવાનું સ્વીકાર્યું.

અમે બે ભાઈઓ તો તળાવમાં તરવા જવાના હતા, એટલે અમે કેમ ઘેર રહીએ? બંને બહેનો તો ફેશનેબલ વસ્ત્રો પહેરી, સજાવટ કરીને તૈયાર થઈ હતી. એટલે એમનાથી પણ કેવી રીતે ઘેર રહેવાય ? પપ્પાએ કહ્યું, "હું ઘેર રહીશ, તમે જઈ આવો." પરંતુ મમ્મીએ ચોખ્ખી ના પાડી. એ પપ્પા વગર પિકનિક પર આવવા તૈયાર જ ન થઈ. તેણે કહ્યું, "આમ પણ આજે મને માથું દુઃખે છે. તમે બધાં પિકનિક પર જઈ આવશો એટલે હું પણ જઈ આવી એમ માનીશ." મમ્મીની વર્ષગાંઠે તેને કેમ નારાજ કરી શકાય? એટલે તેની ઈચ્છાને હુકમ માની અમે મોટરમાં બેસી ગયાં. ખૂબ હસતે મુખે મમ્મીએ અમને વિદાય આપી.

પિકનિક સ્પોટ ઉપર તો ભારે ભીડ હતી. ત્યાંના તળાવના સ્ફટિક જેવાં પાણીમાં અમને તરવાની ખૂબ મજા પડી. તો બહેનોને રોપવે પર બેસી ઘૂમવાની મજા આવી. એમને માટે ખરીદીનો આનંદ પણ હતો જ. થાકીને અમે નાસ્તો કરવા બેઠાં ત્યારે પપ્પાએ કહ્યું, "તમારી મમ્મી ના આવી તે સારું જ થયું. એક તો તેની તબિયત સારી નહોતી, ને આ બધી ભીડભાડમાં તે થાકી જ જાત."

અમે પાછાં ઘેર આવ્યાં ત્યારે મારી બહેનો તો સીધી જ પલંગમાં ઢળી પડી. ખૂબ થાક લાગ્યો હતો ને ! પપ્પા આરામખુરસીમાં બેઠાં. કોઈએ મમ્મીને એમ પણ પૂછ્યું નહિ કે, "મમ્મી, તારી તબિયત કેવી છે ?" અમે બંને ભાઈઓ તો ગરમ પાણી લઈ સ્નાન કરવાની વેતરણમાં હતાં. મમ્મીએ બહેનોને માથે હાથ ફેરવી કહ્યું, "બેટા, તમે ખૂબ થાકી ગઈ છો, એટલે આરામ કરો. હું હમણાં જ રસોઈ બનાવી દઉં છું. પછી તમને જમવા બોલાવું." આમ કહી તે રસોડામાં ગઈ. રસોઈ પૂરી થાય ત્યાં સુધીમાં

સાંજે પપ્પાના બે ભાઈબંધ એમને બહારગામથી મળવા આવ્યા. પપ્પાએ કહ્યું, "તમે ખૂબ સારા દિવસે આવ્યા છો." પપ્પાના મિત્રોએ સજાવટ વગેરે જોઈ પૂછ્યું, " શી વાત છે ?" પપ્પાએ કહ્યું, "અમારાં બાળકો આજે તેમની મમ્મીની બર્થડે ઊજવી રહ્યાં છે." બંને ભાઈબંધોએ મમ્મીને વર્ષગાંઠની શુભેચ્છા પાઠવી. પપ્પાએ કહ્યું, "દોસ્તો, તમે આવ્યાં જ છો તો અમારા ઘરની રસોઈ તો ચાખતા જાઓ!" કશીયે આનાકાની વગર પપ્પાના બંને ભાઈબંધો અમારી સાથે જ જમવા બેસી ગયાં. બહેનોનો થાક તો હજુયે ઉતર્યો નહોતો એટલે મમ્મીએ જ ભોજન પીરસ્યું ને બધાંને પ્રેમથી જમાડ્યાં. બધા બરોબર જમ્યાં.

જમ્યા પછી અમારી લાડકી બહેનોની આંખો ઊંઘથી ઘેરાવા લાગી. મમ્મીએ કહ્યું, "બેટા, તમે જઈને સૂઈ જાઓ. વાસણ કૂસણ હું કરી લઉં છું." બહેનો સૂવા માટે ચાલી ગઈ. મને થયું કે હું મમ્મીને પિકનિકની મજાની થોડી વાત કરું, એટલે હું રસોડામાં ગયો. મેં જોયું તો મીઠાઈ કે ફરસાણમાં કશું બચ્યું ન હતું. થોડીક દાળ ને ભાત વધ્યાં હતાં. મમ્મીએ બેચાર કોળિયા ખાધા ન ખાધા ત્યાં તો તે વાસણો એકઠાં કરવા લાગી. ત્યાં પપ્પાના દોસ્તદારો અંદર આવ્યા. એકે કહ્યું, " તમારી વર્ષગાંઠે અમને ખૂબ મજા પડી. હવે તો અમે દર વર્ષે આ દિવસે જરૂર આવીશું." પપ્પાએ કહ્યું, "યુ આર મોસ્ટ વેલકમ. અમે હવેથી દર વર્ષે એની વર્ષગાંઠ આમ જ ધામધૂમથી ઊજવવાના છીએ."

મેં મમ્મીને કહ્યું, "મમ્મી, તારી વર્ષગાંઠે અમને ખૂબ મજા પડી." મમ્મીની આંખોમાં થોડાંક અશ્રુબિન્દુઓ ચમક્યાં. એણે હસીને કહ્યું, "હા દીકરા, આજનો દિવસ મારે માટે ખૂબ સારો રહ્યો. પ્રભુનો આભાર."

# ૫ ઈશ્વરની ભેટ

આ વાત મોગલ સમયની છે. તે વખતે બાદશાહ અકબર દિલ્હીની ગાદી ઉપર રાજ કરતા હતા. અકબર ખૂબ ભલા અને પ્રેમાળ સજ્જન હતા.

એક દિવસની વાત છે. બાદશાહ અકબર પોતાના લશ્કર સાથે શિકારે નીકળેલા. દૂરદૂરનાં જંગલોમાં એ શિકાર માટે નીકળેલા.

એક હરણની પાછળ અકબરે પોતાનો ઘોડો દોડાવ્યો. પરંતુ હરણ તો ચિત્તા જેવું ચપળ હતું. એની તો દોડ પૂરપાટ હતી. ઘડીમાં અહીં તો ઘડીમાં તહીં. એમ કરતાં બાદશાહ અકબર ખરેખર થાકી ગયા. એમના શરીર પરથી પરસેવો નીતરતો હતો. સાથેના શિકારીઓ તો ક્યાંય ખોવાઈ ગયા હતા.

થાકેલા અકબર એક ગામ પાસે આવી પહોંચ્યાં. માથે મુગટ વગરના બાદશાહને કોણ ઓળખે ? ખેતરોમાં થોડાક ખેડૂતો કામ કરતા હતા.

અકબર તો એમની પાસે ગયા. ખોરાકની માગણી કરી. અભણ ખેડૂત દયાળુ હતો. એ અકબરને પોતાની ઝૂંપડીમાં લઈ ગયો. ખૂબ આગ્રહ કરી એણે બાદશાહને જમાડ્યા. જમવાનું તો તદ્દન સાદું હતું. ગરીબ માણસને ત્યાં બીજું શું હોય ? દાળ ને રોટલી. ભૂખ્યા અકબરે પેટ ભરીને ખાધું.

ત્યાં તો રાજાના સૈનિકો આવી પહોંચ્યા. અકબરે કહ્યું, ‘‘મારું નામ અકબર છે, હું દિલ્હીમાં રહું છું. ત્યાં હું બાદશાહ છું.’’ ખેડૂતે

કહ્યું, "નામદાર, અમે તો ગરીબ છીએ, અમારે ત્યાં કંઈ મુશ્કેલી પડી હોય તો માફ કરજો!"

અકબરે કહ્યું, "દોસ્ત, હું તમારો ઉપકાર ભૂલીશ નહિ. જો મારું કંઈ કામ પડે તો જરૂર દિલ્હી આવજો." કહી અકબર વિદાય થયા.

બીજે વર્ષે દુકાળ પડ્યો. ખેડૂતને પોતાનું બધું વેચી નાખવું પડ્યું. હવે ક્યાં જવું? એની સ્ત્રીને યાદ આવ્યું કે, એક વાર તેમણે કોઈ બાદશાહની પરોણાગત કરી હતી. તેણે કહ્યું, "અત્યારે આ આપણો મુશ્કેલ સમય છે. તમે જાતે જઈને બાદશાહને મળો. એ આપણી કંઈ મદદ કરશે."

ખેડૂતને પત્નીની સલાહ સાચી લાગી. એ તો નાનકડું પોટકું લઈને નીકળી પડ્યો. ખાસ્સા દિવસો પછી દિલ્હી પહોંચ્યો. રસ્તામાં ઘણી મદદ માગવી પડી.

ખેડૂત રાજમહેલે પહોંચ્યો. એનું નસીબ પાધરું હતું કે એને રાજમહેલમાં પ્રવેશ મળ્યો. એ દિવસ અકબરની ખેરાતનો મદદનો દિવસ હતો. એ જાતે ગરીબ ગુરબાને મદદ કરતો.

ખેડૂતનો વારો આવ્યો. એ છેક અકબરની પાસે ગયો. અકબરે તેને બેસવાનું કહ્યું. અકબર તો એની રાજગાદી ઉપર ઢળીને બેઠો હતો. ખેડૂતે પૂછ્યું, "સાહેબ, આપ માંદા છો કે શું? આપ આવી રીતે કેમ બેઠા છો?"

અકબરે કહ્યું, "ભાઈ આ તો મારી બેસવાની ટેવ છે. બોલો કેમ પધારવું થયું?" ખેડૂતે કહ્યું, "મહારાજ, આપ એક વખત શિકારમાં ભૂલા પડેલા. યાદ છે?"

અકબર તો સફાળો સિંહાસન પર બેઠો થઈ ગયો. "હા ભાઈ, બરોબર યાદ છે. એક ખેડૂતે મને ખોરાક આપેલો. શું એ તમે જ છો ? તમારી દાઢી વધી ગઈ છે. કપડાં ફાટી ગયાં છે. ભાઈ, આવું કેમ ?"

ખેડૂતની આંખોમાંથી બોરબોર જેવડાં આંસુ સરી પડ્યા. "મહારાજ અમારે ત્યાં દુકાળ પડ્યો છે. મારે મારું ખેતર પણ વેચી નાખવું પડ્યું છે..."

"ચિંતા કરશો નહિ. ઈશ્વર દયાળુ છે. લો, આ પાંચ હજાર રૂપિયા."

અકબરે પોતાના મુખ્ય દરબારીને બોલાવ્યો. ને કહ્યું, "ભાઈ, આ ખેડૂતને મહેલમાં લઈ જાઓ. એને સારાં કપડાં આપો. સારો ખોરાક આપો. એણે મને મદદ કરેલી." દરબારી ખેડૂતને મહેલમાં લઈ ગયો.

એ સાંજની વાત છે. ખેડૂત સારાં વસ્ત્રો પહેરી બારી પાસે ઊભો છે. ત્યાં તેણે અકબરને નમાઝ પડતા જોયા. એણે દરબારીને પૂછયું, "મહારાજ શું કરે છે ?" દરબારીએ કહ્યું, "મહારાજ ઈશ્વરની પ્રાર્થના કરે છે કે ઈશ્વર એમને વધુ બરકત આપે, વધુ સુખસમૃધ્ધિ આપે."

ખેડૂતને થયું કે રાજા પોતે જ ઈશ્વર પાસે કંઈક માગે છે તો પછી રાજા પાસેથી કંઈ માગવાનો શો અર્થ છે ? મહારાજની પ્રાર્થના પૂરી થયા પછી એ રાજા પાસે ગયો. રાજાએ આપેલા પાંચ હજાર રૂપિયા પાછા આપ્યા અને કહ્યું, "મહારાજ, હું પણ ઈશ્વરની મદદ માગીશ. મને ખાતરી છે કે એ મને જરૂર મદદ કરશે." કહી રાજાની

રજા લઈ ખેડૂત પોતાની પત્ની અને બાળકો પાસે પાછો ગયો.

રસ્તામાં એક ઘટાદાર વૃક્ષ આવ્યું. તેણે આગ્રહપૂર્વક ઈશ્વરને પ્રાર્થના કરી, "હે ઈશ્વર, મારે પૈસાની જરૂર છે. મને પૈસા આપો."

પ્રાર્થના પૂરી કર્યા પછી એણે આંખો ઊઘાડી. જોયું તો ઝાડ નીચે એક ઘડો એને દેખાયો. ઘડો જમીનમાં અડધો દટાયેલો હતો. ખેડૂતે ઘડો બહાર કાઢ્યો. જોયું તો એમાં સોનામહોરો હતી.

ખેડૂત તો ખુશ થઈ ગયો. એણે ઈશ્વરનો આભાર માન્યો. એ ખૂબ થાકી ગયો હોવાથી એણે ઘડો સાથે લીધો નહિ. એણે વિચાર્યું કે ઈશ્વર તો ખૂબ ભલા છે. એમણે આ સોનામહોરોથી ભરેલો ઘડો મને આપ્યો. ઘડો ખૂબ ભારે છે. ઈશ્વર જાતે આ ઘડો એના ઘેર લઈ આવશે.

ખેડૂત તો ખુશ થતો થતો પોતાને ઘેર ગયો.

એણે પોતાની પત્નીને માંડીને બધી વાત કહી. બે ચોર ત્યાંથી પસાર થતા હતા. એમણે ખેડૂતની બધી વાત સાંભળી. તેઓ તરત જ સોનામહોરો ભરેલો એ ઘડો લઈ આવવા ઉપડ્યાં. એમણે ઘડો તો ખોદી કાઢ્યો. પરંતુ અંદરથી બે નાગ ફુંફાડા મારતા નીકળ્યા. નાગને ફરી અંદર પૂરી બે ચોર ઘડાને લઈને ખેડૂતના ઘેર જવા રવાના થયા. એમને થયું કે, ખેડૂતે એમને છેતર્યા છે તો ભલે એ સજા ભોગવતો !

એ તો ઘડો ખેડૂતને ઘેર લઈ ગયા. એમણે દીવાલમાં બાકોરું પાડ્યું. તેમણે ઘડો અંદર મૂક્યો.

સવારે ખેડૂત અને એની પત્ની જાગ્યાં. એમણે જોયું તો ઘડો

તો ઘરની અંદર આવી ગયો હતો. દીવાલમાં કોઈએ બાકોરું પાડ્યું હતું.

ખેડૂતે એની પત્નીને કહ્યું, "મેં તને કહ્યું હતું કે ઈશ્વર દયાળુ છે. એ જો રાજાની પ્રાર્થના સાંભળે તો આપણી પ્રાર્થના કેમ ન સાંભળે ? જોયું ! મેં તને કહ્યું હતું તેમ ઈશ્વર છેક આપણે ઘેર સોનામહોરોનો આ ઘડો લઈ આવ્યાં છે !"

ખેડૂતની પત્ની સોનામહોરો જોઈને રાજી થઈ ગઈ. એણે કહ્યું, "આપણે ભૂલ કરી ! આપણે જો દરવાજો ખુલ્લો રાખ્યો હોત તો ઈશ્વરને દીવાલમાં બાકોરું પાડવાની જરૂર ન પડત ! ચાલો આ તો ઈશ્વરની ભેટ છે."

# ૯ ગાદીનો વારસ કોણ ?

એક રાજા. એમની પાસે વિશાળ રાજ્ય. એમની રાણીએ બે જોડકાં કુંવરોને જન્મ આપ્યો. રાજા તો ખુશખુશ થઈ ગયા. સમગ્ર રાજ્યની પ્રજાને એમણે મોટી મિજબાની આપી. પ્રજાજનો પણ ખુશખુશ થઈ ગયા.

બે રાજકુંવરોમાંથી એકનું નામ અજય રાખ્યું. બીજાનું નામ વિજય. બંને રાજકુંવરો દેખાવે તદ્દન સરખા. એમનું બોલવું ચાલવું પણ સરખું. ક્યારે કોણ આવે છે અને કોણ જાય છે એની પણ સમજણ ન પડે !

રાજાએ બંનેને સરખી તાલીમ આપી. સારામાં સારા શિક્ષકોને રોક્યા. રાજકુમારોને ભાષાનું શિક્ષણ આપ્યું. ગણિત અને વિજ્ઞાનનું શિક્ષણ આપ્યું. એમને તલવાર ચલાવવાની તાલીમ આપી. તેમને ધનુર્વિદ્યાનું શિક્ષણ પણ આપ્યું.

બંને રાજકુમારો ઉમદા લડવૈયા બન્યા. ડર શું એ તો જાણે એ જાણતા જ નહોતા. જ્યાં કંઈ મુશ્કેલી આવે ત્યાં દોડી જાય. બંનેને પોતાનાં માબાપ વહાલાં. બંનેને પોતાના પ્રજાજનો પણ વહાલાં.

બંને મોટા થતા ગયા. બંને સાથે ને સાથે જ રહે. સંસ્કારમાં અને શિક્ષણમાં બંને આગળ રહ્યાં. જાતજાતની યુધ્ધની કવાયતોમાં પણ બંને આગળ હતાં.

બંને કુમારો મોટા થયા ત્યારે રાજાની મૂંઝવણો વધુ તેજ બની. હવે આમાંથી કોને રાજગાદીનો વારસદાર બનાવવો ? ગાદી કોને સોંપવી એ હવે એક મોટી સમસ્યા બની ગઈ. બંને કુમારો સરખા

હતા. દરેક બાબતમાં એક બીજાની સ્પર્ધા કરે તેવા હતા. હવે આ રાજા પછી બેમાં કોને રાજા બનાવવો ?

રાજાએ બંનેના શિક્ષકોના અભિપ્રાયો લીધા. પણ કોઈ સાચો અભિપ્રાય આપી શક્યું નહિ. રાજાએ રાજ્યના ડાહ્યા પુરુષોની સલાહ લીધી, પરંતુ એમાંથી પણ કોઈ સંતોષકારક ઉકેલ મળ્યો નહિ. રાજાને થયું કે રાજ્યમાં જો કોઈ સૌથી ડાહ્યો માણસ હોય તો રાજ્યમંત્રી જ છે. હવે રાજ્યના આ વયોવૃધ્ધ એવા મુખ્ય સલાહકાર પાસે જ જવું પડશે.

ઘરડા મુખ્યમંત્રી ઘણા શાણા પણ હતા. એ ખૂબ વિચાર કરીને બોલતા. એમણે કહ્યું, "મહારાજ, આ પ્રશ્ન એટલા માટે ઉદ્‌ભવ્યો છે, કારણ કે, તમે બંને દીકરાઓને એકસમાન ચાહો છો. એ સારું છે. પિતાને એ જ શોભે. હવે આપણે એ શોધી કાઢવાનું છે કે અજય કે વિજય બેમાંથી કોણ આપને વધારે ચાહે છે ? બેમાંથી જે આપના ઉપર વિશેષ પ્રેમ રાખતો હોય તે રાજગાદીનો વારસ બને."

રાજાજીએ કહ્યું, "મને તો ખાતરી જ છે કે બંને મને એકસરખા પ્રેમથી ચાહે છે. મારે, એ બેમાંથી કોણ મને વધુ પ્રેમ કરે છે તે શોધવું નથી, એમાં મને રસ નથી. પરંતુ.... "

વૃધ્ધ મંત્રી બધું સમજી ગયા. એમણે તરત જ એક યોજના બનાવી અને રાજાને કહી સંભળાવી. એટલું બધું ધીમેથી બોલ્યા કે રાજા સિવાય કોઈ સાંભળી ન શકે !

બીજે દિવસે રાજાજીએ જાહેર કર્યું કે આજે તેઓ શિકારે જશે. વાઘ કે સિંહ જેવા હિંસક પ્રાણીઓના જ શિકાર કરશે. બીજા

પ્રાણીઓને હાથ પણ લગાડશે નહિ. બંને રાજકુંવરો પણ એમની સાથે જશે.

બધા નીકળ્યાં. મુસાફરી કરતાં કરતાં એક ગાઢ જંગલ પાસે આવી પહોંચ્યા. બધા વનમાં ગયા. રાજકુંવરો અજય અને વિજય બધાથી આગળ હતા. શાનદાર ઘોડા પર બેઠા હતા. ત્યાં જ એક માણસ દોડતો આવ્યો. એનો શ્વાસ ચડી ગયો હતો. એણે કહ્યું, "મહારાજ, દુશ્મનોએ આપણી રાજધાની પર હુમલો કર્યો છે. આપણાં ઘણા માણસો ઘવાયાં છે. હું એકલો જ આપને ખબર આપવા દોડી આવ્યો. આપણે હમણાં જ નીકળવું જોઈએ !"

વતાવરણમાં સન્નાટો છવાઈ રહ્યો. રાજાજીએ પોતાના રાજકુમારો સામે જોયું. રાજકુંવરો તો પિતાની દૃષ્ટિમાં રહેલો સંદેશો સમજી ગયા. એક પણ ક્ષણના વિલંબ વગર એમણે પોતાના અશ્વોને પાછા વાળ્યા. પેલા બાતમીદારને સાથે લઈ ત્રણે ધડધડાટ ઊપડ્યા. દૂર દૂર સુધી તેમના ઘોડાની ખરીઓના અવાજ સંભળાઈ રહ્યાં.

તેઓ ઝડપભેર પોતાનાં શહેર તરફ આગળ ધસતા હતા. ત્યાં જ રાજાજીનો એક ઘોડેસવાર ધસમસતો આવ્યો. એ રાજાજીના રક્ષકોની ખાસ ટુકડીનો સભ્ય હતો. તેણે શ્વાસભેર આવીને કહ્યું, "કુંવર સાહેબો, લૂટારાઓની એક ટોળીએ મહારાજ પર હુમલો કર્યો છે. રાજાજીનો સંકેત મળતાં જ હું આપને ખબર આપવા દોડી આવ્યો છું. આપણે રાજાજીને બચાવવા પાછા જવું પડશે !"

વિજયે એના ભાઈ અજયને કહ્યું, "અજય, ચાલ આપણે જઈને આપણાં બાપુજીને બચાવીએ. બાપુજી મૂંઝવણમાં અને મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. " ફરી એણે ઘોડો પાછો ફેરવ્યો.

અજયે કહ્યું, "વિજય, આપણા બાપુજી બહાદુર માણસ છે. એ પોતાનું ફોડી લેશે. એ તો રાજપૂત છે અને બહાદુર છે. આપણે તો આપણી ભોળી પ્રજાનું રક્ષણ કરવાનું વધારે મહત્ત્વનું છે. જાનના ભોગે પણ આપણે આપણી પ્રજાનું રક્ષણ કરવું જોઈએ. તારી ઈચ્છા હોય તો તું બાપુજી પાસે જા, હું તો આપણા શહેર તરફ જ જઈશ !" કહી અજયે પોતાનો ઘોડો સડસડાટ શહેર તરફ દોડાવી મૂક્યો.

આ તરફ વિજય બાપુજીને બચાવવા દોડી ગયો. ત્યાં એને ખબર પડી કે બાપુજી તો સહીસલામત છે. એમની પરીક્ષા લેવા જ એમણે આ બધું ગોઠવ્યું હતું. આ તરફ વિજય શહેર તરફ પૂરઝડપે ધસી ગયો. ત્યાં એણે જોયું કે કોઈ લૂટારાઓએ શહેર પર હુમલો કર્યો નથી ! બધાં જ માણસો સલામત છે !

મુખ્યમંત્રીએ ત્યાં દોડી આવેલા વિજયને જોઈ કહ્યું, "રાજાસાહેબ, વિજય અજય કરતાં પણ આપને વધુ ચાહે છે. એને જ રાજા બનાવવો જોઈએ. ગાદીનો વારસ ખરેખર એ જ છે !"

રાજાજી હસીને બોલ્યા "મંત્રીમહોદય, હું આપની સાથે સંમત થતો નથી. અજયને પણ વિજય જેટલો જ મારા પ્રત્યે અગાધ પ્રેમ છે. પરંતુ અજયને મારી પ્રજાજનોના રક્ષણ અને સલામતી માટે ભારે લાગણી છે. મારા પ્રજાજનો એ પણ મારાં જ બાળકો છે. ખરો રાજા એ હોય જેને પ્રજા પ્રત્યે પોતા કરતાં વધારે પ્રેમ હોય. મને ખાતરી થઈ છે કે અજયના હાથમાં તેઓ સલામત અને સુખી રહેશે !"

બધાએ રાજાજીનો જયજયકાર કર્યો. બધાંના આનંદ વચ્ચે અજયને રાજગાદીનો વારસ નીમવામાં આવ્યો.

# ૭ એક નવાઇની ચીજ

ઘણાં ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. ત્યારે મોટરો પણ ન હતી. તો વિમાનો તો હોય જ ક્યાંથી ? માત્ર ગાડાં હતાં !

એક નદી પાસે એક ગામ હતું. ખૂબ નાનું ગામ. વસ્તી ઓછી. ભણેલાં તો કોઈ ન મળે. ખેતી કરીને ગુજરાન ચલાવે.

આવા છેડાના આ ગામમાં એક અજાણ્યો માણસ આવ્યો. બહારથી આવેલો એ પોતાની સાથે ધાતુનો એક નાનો અને ગોળ સિક્કો લાવેલો. સિક્કા ઉપર રાજાની પ્રતિમા. આ તો ચાંદીનો એક રૂપિયો હતો. ગામલોકોએ તો પહેલી જ વાર આવો સિક્કો જોયો. પહેલી વાર રાજાની ચાંદી પર કોતરાયેલી પ્રતિમા જોઈ. ગ્રામજનોએ તો આવો કોઈ સિક્કો કદી જોયો જ નહોતો !

કારણ કે એ વખતે નાણાંનો વહેવાર ચાલે નહિ. જે કંઈ વેપાર ચાલે એમાં સાટાં થાય. ગાયને બદલે અનાજ લે. અનાજને બદલે બકરાં ખરીદે. એમ સાટાંથી વહેવાર ચાલે. મોટે ભાગે તો અનાજની હેરાફેરી થાય.

ચાંદીના સિક્કાની વાત તો વીજળી વેગે આખા ગામમાં ફેલાઈ ગઈ. થોડી જ વારમાં તો આખું ગામ ભેગું થઈ ગયું. બધાંના મોં ઉપર જિજ્ઞાસા ને આશ્ચર્યના ભાવ હતા.

સ્ત્રી પુરુષો તો આ સિક્કાને જોઈ ભારે નવાઈ પામ્યા. શું કરવું એની કોઈને સમજણ પડે નહિ ! છેવટે નક્કી થયું કે ગામના ઘરડા આગેવાનોની એક મિટિંગ રાખવી. માથે ફાળિયાવાળા વૃધ્ધો એકઠા થયાં. સ્ત્રીઓ બધી દૂર જઈને બેઠી. ગંભીર મુખમુદ્રા સાથે

ઘરડાઓએ ચર્ચા કરી. તેમણે નક્કી કર્યું કે "આ બહુ કીમતી વસ્તુ છે. એને બરોબર સાચવી રાખીએ. પછી જાતે જઈને રાજાજીને ભેટ ધરીએ."

પરંતુ ત્યાં સુધી આ કીમતી સિક્કાને ક્યાં રાખવો ? એને તો બહુ સાચવીને રાખવો પડે ! કોઈ આ મોંઘી વસ્તુને રાખવા તૈયાર થતું નહોતું !

છેવટે નક્કી થયું કે ગામમાં એક મંદિર છે. તેમાં ખૂબ માન સાથે આ સિક્કાને સાચવવો ! ચાર પાંચ વડીલો એની ચોકી કરે! આખી રાત જાગતા રહે અને જીવની જેમ સિક્કો જાળવે !

બધાં મંદિરમાં ગયા. ત્યાં તો અંધારું હતું. એક દીવો સળગાવીને ત્યાં મૂક્યો. કોઈ પોતાને ત્યાંથી એક જૂનો મૂઢો લઈ આવ્યો. એના ઉપર પેલા સિક્કાને મૂક્યો. કેટલાકે આખી રાત જાગરણ કર્યું.

સવારે બધા વહેલા ઊઠ્યા. નાહી ધોઈને તૈયાર થયા. સિક્કાને બરોબર વીંટાળીને એક ખોખામાં મૂક્યો. ચાર ગ્રામજનોએ એ પેટી ઊંચકી.

રસ્તામાં નદી આવી. નદી બે કાંઠે વહેતી હતી. ગામડાંના માણસો તો તરવૈયા હતા. બધા નદીમાં કૂદી પડ્યા. તરવા લાગ્યા. પેટીને ધક્કો મારે અને આગળ ધપાવે. એમ કરતાં પેટી અને તરવૈયા સામે કાંઠે પહોંચ્યા.

ફરી પાછી પેટી ઊંચકી લીધી. બધા ચાલ્યા. એમ કરતાં કરતાં રાજાના મહેલ પાસે આવી પહોંચ્યા.

મહેલના દરવાજે તો દરવાનો ઊભા હતા. એમની તલવારો મ્યાનમાંથી લટકતી હતી. આવા વિચિત્ર સરઘસને તેમણે અટકાવ્યું. પૂછ્યું, "કેમ આવ્યા છો ?"

ગ્રામજનોના આગેવાને કહ્યું, "સાહેબ, અમારે રાજાસાહેબને મળવું છે."

"કેમ ? શું કામ છે ?" દરવાને પૂછ્યું. "અમારે અમારી ભેટ રાજાને આપવી છે."

દરવાન તો રાજાસાહેબને ખબર આપવા અંદર ગયો. રાજાને બધી વાત કહી સંભળાવી. રાજા પહેલાં તો હસ્યા. પછી કહે, "ભલે, એ ગ્રામજનોને અંદર આવવા દો. એમને શી ભેટ આપવી છે તે જોઈએ તો ખરા !"

દરવાને જઈ પેલા ગ્રામજનોને કહ્યું, "રાજાસાહેબે તમને મળવાની રજા આપી છે. તમે પહેલા હાથ મોં ધુઓ, ચા નાસ્તો કરો પછી રાજાસાહેબને મળવા જાઓ."

ગ્રામજનો તો ખુશખુશ થઈ ગયા. એમને તો રાજમહેલમાં પ્રવેશ મળ્યો. સારો ચાનાસ્તો મળ્યો. પછી એમને રાજાસાહેબની પાસે પહોંચાડવામાં આવ્યા.

રાજાસાહેબની પાસે પહોંચી બધાએ જમીન પર લાંબા થઈ જઈ પ્રણામ કર્યા. રાજાના કહેવાથી પાછા બેઠા થયા. પછી ઊભા થઈ જઈ હાથ જોડી આગેવાને કહ્યું, "રાજાસાહેબ, અમે તો આપના સેવકો છીએ. અમે તો આપનું ખૂબ માન રાખીએ છીએ. અમે આપને માટે એક ભેટ લાવ્યા છીએ." કહી આગેવાને હાથ જોડી નમન કર્યું.

"તમને ભેટ આપવાની રજા આપવામાં આવે છે." રાજાસાહેબે કહ્યું.

મહારાજે રજા આપી તેથી આગેવાન પેલી પેટી લઈ આવ્યો. પેટીમાં હાથ નાખી તે ફંફોસવા લાગ્યો. દરબારનાં બધા માણસો આતુરતાપૂર્વક જોતા હતા. પેલો આગેવાન તો ક્યાંય સુધી ફંફોસતો રહ્યો. છેવટે ભયથી એનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો.

એ તો દોડીને પેલા માણસો પાસે ગયો. એમના કાનમાં કંઈક કહેવા લાગ્યો. રાજા અને દરબારીઓ ઉત્સુકતાપૂર્વક આ નાટક જોતા હતા. એમને કંઈ સમજાતું નહોતું.

છેવટે આગેવાન રાજા પાસે ગયો. તેણે હાથ જોડી કહ્યું, "મહારાજ, અમારાથી આપની ભેટ ખોવાઈ ગઈ છે. અમને માફ કરો !"

"તમારાથી ભેટ ખોવાઈ ગઈ હતી તો તમે આવ્યા શું કામ ? તમે અહીં આવવાની હિંમત કેમ કરી ?"

પેલા આગેવાને કહ્યું, "મહારાજ, અમને ક્ષમા કરો ! આપના દિલમાં આવે તે સજા અમને આપો ! અમે સજાને પાત્ર છીએ !"

રાજા ગુસ્સે તો થયા જ હતા. પરંતુ એ પણ સમજતા હતા કે, આવનાર ગામડિયા છે. જાણીબુઝીને અપરાધ કરે એવા નથી. છેવટે તેણે કહ્યું, "આ ગામડિયાઓને જેલમાં પૂરી દો !" કહી તે પોતાના સિંહાસન પરથી ઊભા થઈ ચાલ્યા ગયા.

દરવાનોએ આવી પેલા ગામડિયાઓને જેલમાં પૂરી દીધા. એ તો શિયાળાનો સમય હતો. ખૂબ ઠંડી પડતી હતી. રાજા હૃદયના

તો ઉદાર હતા. એમણે ગામડિયાઓ માટે જેલમાં થોડા કોલસા મોકલાવ્યા. થોડીક દીવાસળીઓ પણ મોકલી. પણ દરવાને જોયું કે તેઓ દીવાસળી સળગાવી શકતા નહોતા ! દીવાસળી સળગાવતાં પણ એમને આવડતું  નહોતું ! આખી રાત ગામડિયાઓ ઠંડીમાં ધ્રૂજતા રહ્યા.

સવાર પડી. ફરી દરબાર ભરાયો. રાજાને તો ખાતરી જ થઈ ગઈ હતી કે પેલા ગામડિયા નિર્દોષ હતા ! એમણે કશો ગુનો કર્યો નહોતો !

એણે પેલા ગ્રામજનોને ફરી દરબારમાં બોલાવ્યા. બધા ધ્રૂજતા ધ્રૂજતા આવ્યા. રાજાએ એમને પૂછ્યું, ‘‘મને માંડીને વાત કરો. ખરેખર શું બન્યું. હતું. ?’’

આગેવાને બધી વાત કરી. એણે કહ્યું, ‘‘મહારાજ, અમને માફ  કરો ! ભેટ કદાચ રસ્તામાં જ પડી ગઈ હશે !’’

આખી વાત સાંભળીને રાજા અને દરબારીઓ ખૂબ હસ્યા. એમને હવે આખી વાત સમજાઈ ગઈ.

રાજાએ પેલા ગ્રામજનોને પાસે બોલાવ્યા અને કહ્યું, ‘‘મને સમજાય છે કે તમને મારા ઉપર એટલે તમારા રાજા ઉપર ખૂબ પ્રેમ છે. હું તમારી  ભૂલની તમને માફ આપું છું.’’ કહી રાજાએ બધા ગામડિયાઓને સારામાં સારી ભેટો આપી.

બધા ગામડિયા રાજાનો હૃદયપૂર્વક આભાર માનતાં હાથ જોડી, પ્રણામ કરી વિદાય થયા.

## ૮ ચાર અંધજનોની વાત

એક દૂરના દેશની આ વાત છે. ત્યાં એક રાજા રાજ્ય કરે. એ ખૂબ શાણો અને ઉદાર દિલનો. એ જેવી પોતાની કાળજી રાખે એવી એના પ્રજાજનોની કાળજી લે. રાજા ઉદાર અને દયાળુ. તેથી આખો દેશ એને ચાહે, એનું માન જાળવે.

એક દિવસ એ શિકારે ગયેલો. રાજા બહાદુર પણ હતો. એટલે એને વાઘ અને સિંહ જેવા વનપશુઓનો શિકાર કરવાની મજા આવી. જો કે એ થોડો થાકી ગયો હતો.

લાવલશ્કર સાથે એ જંગલમાંથી પાછો ફર્યો. ત્યાં રસ્તામાં એને ચાર અંધ મળ્યા. ચારે ઊંચા અને મજબૂત હતા. કામ કે ખોરાક મળ્યો ન હોવાથી ચારે ભૂખ્યા હતા. તેઓ એક શહેર તરફ જઈ રહ્યા હતા.

ત્યાં એમણે ઘોડાની ખરીઓનો અવાજ સાંભળ્યો. અવાજ પાસે આવતો ગયો એટલે ચારેને સમજાઈ ગયું કે આ કોઈ લશ્કરના સૈનિકોનો અવાજ લાગે છે. લશ્કર છે તો સાથે કોઈ રાજા પણ હશે જ.

રાજા અને રસાલો પાસે આવ્યા. તરત જ ચારે અંધજનોએ "મહારાજા ઘણું જીવો !" એમ કહી રાજાને વંદન કર્યાં. પછી તેમણે નમ્રતાપૂર્વક ભીખ માગી.રાજા તો ઉદાર અને પ્રેમાળ હતા. તેમણે પોતાનો રસાલો ઊભો રખાવ્યો. તેમણે પૂછ્યું, "ભાઈઓ, તમે શી મદદ માગો છો ? તમારી શી અપેક્ષા છે ?" ચારેએ કહ્યું, "રાજાજી, અમે બેકાર જરૂર છીએ પણ નકામા નથી ! અમને જો કોઈ મદદ કરે છે તો અમે તેની મદદ કરીએ છીએ."

રાજાજીને આ સાંભળીને નવાઈ લાગી. એમણે પોતાના અંગરક્ષકોના સરદારને કહ્યું, "આ ચારેને આપણી સાથે લઈ લો. શહેર આવે ત્યારે એમને ખાવાનું આપજો."

બધા શહેરમાં પહોંચ્યા. ત્યાં એક મીઠાઈ વેચનારની દુકાન પાસે ઊભા રહ્યા. રાજાએ ચાર કિલો સારી મીઠાઈ આપવાનો દુકાનદારને હુકમ કર્યો. દુકાનદાર તો રાજી થઈ ગયો. એ પોતાના ત્રાજવામાં મીઠાઈ તોળતો હતો ત્યારે રાજાજીને કંઈ શક પડ્યો, એમને લાગ્યું કે દુકાનદારના ત્રાજવામાં કંઈ ગોલમાલ છે. એમણે તરત પેલા દુકાનદારને કહ્યું, "ભાઈ, તું મને ઓળખે છે ?" દુકાનદાર કહે, "રાજાજી, આપને કોણ ન ઓળખે ?"

"તોય તું તારાં તોલમાપ બરોબર રાખતો નથી. જો આ વખતે હું તને જવા દઉં છું. પરંતુ ભવિષ્યમાં કાળજી રાખજે."

દુકાનદારે તો તરત જ પોતાનાં તોલમાપ સુધારી દેવાનું વચન આપ્યું. જે બન્યું તે સાંભળીને ચાર અંધ રાજી થયા. એમને ખાતરી થઈ કે રાજા ખૂબ ભલા અને દયાળુ છે. એમણે કહ્યું, "રાજાજી, આપ તો ભલા અને ઉદાર છો. જો આપ અમને આપના રાજમહેલમાં લઈ જશો તો અમે તમને કોઈક રીતે મદદરૂપ થઈશું."

રાજાજી હસ્યા, એમણે કહ્યું, "મિત્રો, માફ કરજો ! તમે તો ચારે અંધ છો. તમે મને કેવી રીતે મદદરૂપ થશો ?"

અંધજનોએ કહ્યું, "મહારાજ, અમારા ચારેની પાસે એક અસાધારણ બક્ષિસ છે. ઈશ્વરનું કૃપાદાન છે. એક તો ખોટાં અને સાચાં મોતી વચ્ચે પસંદગી કરી શકે છે. બીજો માત્ર ઘોડાને અડકીને કહી શકે છે કે તે અશ્વ પાણીદાર છે કે કેમ, ત્રીજો એક સાચી સ્ત્રી

અને એક જૂઠી સ્ત્રી વચ્ચેનો ભેદ જણાવી શકે છે. જ્યારે ચોથો કોઈ માણસ વફાદાર છે કે ગઠિયો છે તેનો ભેદ પારખી શકે છે. બોલો, અમે તમને મદદરૂપ થઈ શકીશું કે કેમ ?''

રાજાજીએ કહ્યું, ''અંધજન આવું બધું કરી શકે કે કેમ તે વિશે મને જરૂર શંકા છે. પરંતુ હું તમને રાજમહેલમાં પ્રવેશ આપું તે પહેલાં હું તમારી પરીક્ષા કે કસોટી કરવાનું પસંદ કરીશ. બોલો, મંજૂર છે ?''

''હા, મહારાજ અમે તો કોઈપણ કસોટી માટે તૈયાર છીએ. કસોટીમાં જ સુવર્ણ કે કાયરનું સાચું મૂલ્યાંકન થાય !'' ચારે અંધ તૈયાર થઈ ગયા.

''આવતી કાલે રાજદરબાર ભરાશે. તેમાં તમારી ચારેની પરીક્ષા થશે. મંજૂર ?'' મહારાજે પૂછ્યું.

''જેવો આપનો હુકમ, આપના સેવકો તૈયાર છે.'' કહી અંધજનો ગયા. રાજાજીએ એમના માટે સરસ ઉતારાની અને ભોજનની વ્યવસ્થા કરી હતી.

બીજા દિવસે દરબાર ભરાયો. મહારાજના બધા પ્રધાનો અને અગ્રગણ્ય નાગરિકો તેમાં હાજર હતા. છડી પોકારાઈ પછી મહારાજા દરબારમાં પ્રવેશ્યા. ચારે અંધજનોએ ઊભા થઈ મહારાજનું અભિવાદન કર્યું.

રાજાએ એક ઝવેરીને ત્યાં હાજર કર્યા. એની પાસે બે મોતી હતાં. એક સાચું હતું અને એક ખોટું હતું. બંને મોતી દેખાવમાં એક સરખાં જ હતાં. ભલભલાં એમને પારખવામાં થાપ ખાઈ જાય.

બંને મોતી એક અંધની સામે મૂકવામાં આવ્યા. આખો દરબાર આ અંધ સામે અને મોતી સામે જોઈ રહ્યો. ખરી કસોટી હતી. અંધજને બંને મોતી હાથમાં લીધાં. તપાસ્યા પછી સાચું મોતી તરત જ ઓળખી બતાવ્યું. ઝવેરીએ પણ તે સાચું છે તેમ કબૂલ્યું. આખા દરબારમાં તાળીઓનો ગડગડાટ થઈ રહ્યો. રાજાજી ખુશ થઈ ગયા. એમણે અંધજનનો બરડો થાબડી કહ્યું, "મિત્ર, તમે સાચા પુરવાર થયા તે માટે મારાં અભિનંદન ! હું તમને મારા એક પ્રધાન તરીકે નીમું છું." ફરી એક વાર જયઘોષ થઈ રહ્યો.

પછી બીજા અંધજનનો વારો આવ્યો. રાજાએ ઘોડાના સંચાલકને એક સારા પાણીદાર અશ્વને લઈ આવવાનો હુકમ કર્યો. અંધજને નક્કી કરવાનું હતું કે તે સાચી અસલનો ખાનદાનનો ઘોડો છે કે કેમ.

બધાંની આંખો અંધજન ઉપર મંડાઈ રહી. અંધજન ઘોડા પાસે ગયો. અને બારીકાઈથી તપાસ્યો. એની કેશવાળી ઉપર, ગરદન ઉપર બધે જ પોતાનો હાથ ફેરવ્યો. પછી અંધજને કહ્યું, "નામદાર, આ તો એક નીચા ખાનદાનનો ઘોડો છે. એ આપના ઘોડારમાં શોભે નહિ. એ આપની શાહી સવારી માટે યોગ્ય નથી !"

રાજાને ભારે આશ્ચર્ય થયું. એમણે તરત જ એ અશ્વ જેની પાસેથી ખરીદયો હતો તે અસલ માલિકને બોલાવ્યો. મહારાજે પૂછ્યું, "સાચું કહેજો. આ અશ્વ શાહી સવારીને યોગ્ય છે કે કેમ ? એ શાહી ઘોડારમાં રાખવાને યોગ્ય છે કે કેમ ?"

પેલા વેચનારે ઘોડા સામે જોયું, ધ્યાનથી નિહાળ્યું. પછી તે બોલ્યો, "માલિક, મેં ઘોડારના માલિકને આ અશ્વ વેચ્યો નહોતો. એ દેખાવમાં પેલા જેવો જ છે. પરંતુ એ સાચો ઘોડો નથી !"

બધા ચોંકી ગયા. ઘોડારનો સંચાલક તો થરથર ધ્રૂજવા લાગ્યો. એ તો ધ્રૂજતો ધ્રૂજતો રાજાજીના પગમાં પડી ગયો. બોલ્યો, "મહારાજ, મને માફ કરો ! મારા ઉપર દયા રાખો ! અસલી ઘોડો તો હું મારા ઘેર મારે માટે લઈ ગયો છું. મને માફ કરો !" કહી ઘોડારનો સંચાલક ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો.

રાજાજીએ કહ્યું, "એકદમ એ ઘોડો મારા તબેલામાં લઈ આવ. હું તને જીવતો જવા દઉં છું. પરંતુ તને તારી નોકરીમાંથી બરતરફ કરું છું !"

ચારે તરફ જયજયકાર થઈ રહ્યો. રાજાજીની ઉદારતાની પ્રશંસા થઈ રહી. રાજા પેલા અંધજન તરફ ફર્યા. તેમણે કહ્યું, "તમને એક અદ્‌ભુત ભેટ મળેલી છે. હું તમને મારા પ્રધાન તરીકે નીમું છું." અંધજને નમીને રાજાની આજ્ઞા માથે ચઢાવી.

હવે ત્રીજા અંધજનનો વારો આવ્યો. તેણે કહ્યું, "અંતાપુરની મુખ્ય દાસીને અહીં બોલાવી શકાશે ?"

"કેમ નહિ ? હમણાં જ એને અહીં આવવાનો હુકમ કરું છું."

અંતઃપુરની મુખ્ય દાસી દરબારમાં આવી. અંધજને તેનો ચહેરો અને બરડો ધ્યાનથી તપાસ્યો, તેણે ત્યાં પોતાનો હાથ ફેરવ્યો. પછી તે ધીમેથી પણ મક્કમતાપૂર્વક બોલ્યો, "તમારી ચોરી પકડાઈ ગઈ છે. તમારી યોજના નિષ્ફળ ગઈ છે. મહારાજાનો રાજમુગટ અને બીજાં ઘરેણાં તમે છુપાવ્યાં છે તે લઈ આવો. અને મહારાજાને સુપ્રદ કરો."

આ શબ્દો સાંભળીને બધા દરબારીઓ ચોંકી ઊઠ્યા. બધાને

થયું કે અંધજને કંઈ બાફ્યું છે ! પરંતુ મુખ્ય દાસી તો ધ્રૂજવા લાગી. પછી તે સ્વસ્થ થઈ.

રાજાએ પોતાના રાજકુંવરને કહ્યું, "તું જા, રાજમુગટ અને ઘરેણાં બરાબર સચવાયાં છે કે નહિ તેની ખબર કાઢ, તરત જ પાછો આવ !"

રાજકુંવર ગયો. થોડી વારમાં પાછો આવ્યો. તેણે કહ્યું, "મુગટ અને ઘરેણાં ત્યાં નથી !" રાજાએ હુકમ કર્યો કે મુખ્ય દાસીના રૂમની ઝડતી લેવામાં આવે. સૈનિકો ત્યાં દોડી ગયા. થોડી જ વારમાં મુગટ અને ઘરેણાં લઈને પાછા આવ્યા.

રાજાજી ગુસ્સે થઈ ગયા. એમણે કહ્યું, "આ દાસીને પકડી લો !" તરત જ સૈનિકોએ દાસીની ધરપકડ કરી. રાજાજીએ કહ્યું, "તેં મારો અને રાણીના વિશ્વાસનો ભંગ કર્યો છે. હું તને દેશનિકાલની સજા ફરમાવું છું !" સૈનિકો રડતી દાસીને લઈ ગયા.

રાજાજી પેલા અંધજન પાસે ગયા. તેમણે કહ્યું, "મિત્ર, તને પણ એક અસાધારણ બક્ષિસ પ્રભુએ આપી છે. હું તને પણ મારો એક મંત્રી નીમું છું." ચારે તરફ જયજયકાર થઈ રહ્યો.

હવે ચોથા અંધનો વારો આવ્યો. એ રાજદરબારમાં પ્રવેશ્યો. એણે રાજાજીને વંદન કર્યા. પછી એ બોલ્યો, "નામદાર, જો આપ ગુસ્સે ન થાઓ તો એક વિનંતી કરું ?"

રાજાજી કહે, "એમાં ગુસ્સે થવાની કોઈ જરૂર હું જોતો નથી."

અંધજને કહ્યું, "હું આપના મુખ્યમંત્રીની તપાસ કરવા ઇચ્છું છું."

રાજાએ પરવાનગી આપી. એટલે મુખ્યમંત્રીને બોલાવવામાં આવ્યા. મુખ્યમંત્રી આવ્યા. એ મહારાજાનાં અત્યંત વિશ્વાસુ અને નિષ્ઠાવાન માણસ ગણાતા. બધાનાં હૃદયો જોરથી ધડકવા લાગ્યા.

મુખ્યમંત્રીની પાસે જઈને અંધજને એમની છાતી અને બરડો તપાસ્યો. એનું મોં ગંભીર બની ગયું. એણે કહ્યું, "આવા ઉદાર અને દયાળુ રાજા સાથે વિશ્વાસઘાત કરવો એ આપને શોભે તેવી વાત નથી."

મુખ્યમંત્રી તો ગુસ્સે થઈ ગયા. "આ તું શું બકે છે તેનું તને ભાન છે ? હું તને ફાંસીને માંચડે પણ લટકાવી શકું છું. સમજ્યો ?"

અંધજને કહ્યું, "જો આપ નિર્દોષ હો તો આપના ખિસ્સામાં ઝેરની બાટલી કેમ છે ? આ ઝેર ખૂબ કાતિલ છે એનાં થોડાંક ટીપાં પણ માણસનો જીવ લઈ લે એ તમે જાણો છો ?"

મુખ્યમંત્રી તો શિયાવિયા થઈ ગયા. એમણે પોતાના હાથથી પોતાની જ જાતને ઢાંકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ રાજાએ હુકમ કર્યો એટલે સૈનિકો મુખ્યમંત્રી પાસે ધસી ગયા. તેમણે કાતિલ ઝેરની બાટલી એમના ખિસ્સામાંથી શોધી કાઢી.

પેલા અંધજને કહ્યું, "મહારાજ, આ મુખ્યમંત્રીએ આપને ઝેર આપી મારી નાખવાની યોજના બનાવી હતી. આજે એ આપના ગ્લાસમાં આપ ન જાણો ત્યારે ઝેર નાખી દેવાના હતા. આપની હત્યા કર્યા બાદ પોતે રાજા બની જવાનો એમણે પ્લાન કર્યો હતો. એથી જ એ આજના દરબારમાં આવ્યા નહોતા !"

રાજા તો ગુસ્સે થઈ ગયા. એમણે પોતાના અંગરક્ષકને હુકમ કર્યો, આ મુખ્યમંત્રીને પકડી લો. એને તમે કેદખાનામાં નાખો. એમના

ઉપર હું કેટલો બધો વિશ્વાસ મૂકતો હતો ! એ જ માણસ મને ઝેર આપીને મારી નાખવાનો પ્લાન બનાવે તે કેમ સહન કરી શકાય?'' રાજા તો ક્રોધથી ધ્રૂજતા હતા.

અંગરક્ષકો મુખ્યમંત્રીને પકડીને કેદખાનામાં લઈ ગયા. બધાના જીવ હેઠે બેઠા.

રાજા પ્રેમથી પેલા અંધ પાસે ગયા. એના ખભે હાથ મૂકી બોલ્યા, ''દોસ્ત, તમે આજે મારો જીવ બચાવ્યો છે ! માગો, હું તમને શું આપું ?''

અંધજને કહ્યું, ''મહારાજ, અમે ભૂખ્યા હતા ત્યારે તમે અમને જમાડ્યા. અમારું કોઈ નહોતું ત્યારે તમે અમને મદદ કરી, ખરેખર તો અમે તમારા આભારી છીએ.''

રાજાએ અંધજનને ભેટીને કહ્યું, ''ભાઈ, આજથી તમે મારા મુખ્યમંત્રી છો !'' ચારે તરફ આનંદ છવાઈ રહ્યો.

# ૯ ભોળીદાસ

એક નાનકડું ગામ. એમાં વસ્તી ઓછી. માણસો પ્રેમથી રહે. એવા ગામમાં એક ભોળો માણસ રહે, નામે ભોળીદાસ. એ એટલો બધો ભોળો કે ગમે તે કહે ને તરત માની લે. તે કદી આ સાચું છે કે કેમ, ખોટું છે કે કેમ, એનું પરિણામ શું આવશે આવો વિચાર કરે નહિ. આવા ભોળાભાઈ ગામમાં બધાંને ગમે. એનું કોઈ દુશ્મન નહિ. એનાં પત્ની એને ભોળારામ કહી બોલાવે.

એક દિવસ એની પત્નીએ એને કહ્યું, "તમે મારા બાપુજીના ઘેર જશો ?" "કોના બાપુજી ?" ભોળિયા ભટ્ટાકે પૂછ્યું, "મારા બાપુજી, એટલે તમારા સસરા એમને ઘેર જાઓ અને તમારી સાળી એટલે મારી બહેનને આપણે ત્યાં લઈ આવો."

ભોળીદાસ ભાઈ તો રાજી થઈ ગયા. એમના પત્નીએ એમના જવાની તૈયારી કરવા માંડી. એના પિતાનું ગામ થોડાએક દિવસને અંતરે હતું. ત્યાં જવા માટે થોડા દિવસ ચાલવું પડે.

તૈયારીઓ ચાલતી હતી. ત્યાં ભોળા ભટાક ભાઈનાં થોડાં સ્વજનો આવ્યાં. બહારગામ જવાની તૈયારીઓ ચાલતી જોઈને એમણે પૂછ્યું, "ક્યાં સવારી ઉપાડવી છે ?" જવાબ મળ્યો, "હું મારા સસરાને ત્યાં જાઉં છું." ભોળા ભટાકે કહ્યું. "સાસરે જાઓ છો, એમ ? તો તો ખૂબ સાચવીને બોલવું પડે."

"મારે શું કરવું જોઈએ ?" માણસો જેને ભોળા ભટ્ટાક કહેતાં એણે પૂછ્યું.

પેલા સંબંધીઓએ કહ્યું, "તમારા સસરાના ઘેર જાઓ ત્યારે

જમાઈ તરીકે જેટલું બોલવું જોઈએ, એથી જરાપણ વધુ બોલવું જોઈએ નહિ. જો વધુ બોલવા જાઓ તો તમારાથી કશું બફાઈ જાય! એટલે જ્યારે તમારે કશું કહેવાનું થાય ત્યારે તમારે પ્રથમ પ્રશ્નના જવાબમાં 'હા' અને બીજા પ્રશ્નના જવાબમાં 'ના' એટલું જ બોલવું જોઈએ, સમજ્યા ?''

ભોળીદાસ તો લમણે આંગળી મૂકીને સંબંધીની વાત ધ્યાનપૂર્વક સાંભળતા હતા. એમણે કહ્યું, ''તમારી વાત બરોબર છે. પરંતુ મને રસ્તામાં કોઈ મળે તો મારે શું કહેવું ?''

પેલા સંબંધીએ કહ્યું, ''જો કોઈ તમને માર્ગમાં મળી જાય ત્યારે તરત જ મોટે અવાજે અને બે હાથ જોડી કહેવું, ''નમસ્તે ! નમસ્તે !''

ભોળા ભટ્ટાકે એટલે કે ભોળીદાસે સંબંધીની આ વાત પણ સ્વીકારી લીધી. તેમણે કહ્યું, ''હું તમારી વાત બરોબર સમજ્યો છું. હવે હું તમારી વિદાય લઉં છું.'' કહી તે રસ્તે પડ્યા.

ચાલતાં ચાલતાં તે ગીત ગણગણતા હતા. જેથી રસ્તો ટૂંકો લાગે ! ત્યાં એમણે દૂરથી એક પારધીને જોયો. પારધીએ પોતાની જાળ બરોબર બિછાવી હતી. તે અત્યંત શાંતિપૂર્વક બેઠો હતો. જાળમાં ખાસ્સાં બધાં પંખીઓ આવી ગયાં હતાં.

ત્યાં નાનકડા બોમ્બના ધડાકા જેવો ભોળીદાસનો અવાજ આવ્યો. ''નમસ્તે !'' કહી એ બે હાથ જોડી ઊભા રહ્યા. મોટા અવાજથી બધાં પંખીઓ જાળમાંથી ઊડી ગયાં.

શિકારી તો ગુસ્સે થઈ ગયો. એણે ભોળીદાસને બરોબરનો મેથીપાક આપ્યો !

શિકારી બોલ્યો, "તું કોઈ જબરો મૂર્ખ લાગે છે ! શું અને ક્યારે બોલવું તેનું તને ભાન નથી !"

ભોળા ભોળીદાસે પૂછ્યું, "ત્યારે મારે શું બોલવું જોઈએ !"

શિકારી તો ફરી જાળ ગોઠવતો હતો. એણે કહ્યું, "આવતાં રહો અને પકડાઈ જાઓ !"

આ શબ્દો ગોખતો આપણો ભોળો ભટ્ટાક ભોળીદાસ ત્યાંથી ચાલી નીકળ્યો. થોડાક જ સમયમાં એને થોડાક લૂંટારા મળ્યા. એ કોઈ રાહદારીને લૂંટીને આવતા હતા.

એમને જોઈને ભોળીદાસ બોલ્યા, "આવતા રહો અને પકડાતા રહો !"

આ શબ્દો સાંભળીને લૂટારાઓ ચોંક્યા. એમણે પણ ભોળીદાસને સખત મેથીપાક આપ્યો. પછી એમણે કહ્યું, "આ વખતે તો તને જીવતો જવા દઈએ છીએ. જો ફરી મળ્યો તો તારી ખેર નથી!"

ભોળીદાસ બોલ્યો, "તો મારે શું કહેવું જોઈએ !"

લૂટારા તો એમના સ્વાર્થમાં હતા. એમણે કહ્યું, "લાવતા રહો અને થાપણ મૂકતા રહો !" ભોળીદાસ તો આ શબ્દો ગોખતા આગળ વધ્યા.

ત્યાં સામે એક મૂડદું મળ્યું. ઠાઠડીને ઊંચકીને ઊંચકનારા આંસુભરી આંખે ચાલતા હતા. એમને જોઈ ભોળીદાસ બોલ્યોં, "લાવતા રહો અને થાપણ મૂકતા રહો !"

આ ખરાબ શબ્દો સાંભળીને ઠાઠડી ઊંચકનારા ગુસ્સે થઈ

ગયા. કેટલાક તો ભોળીદાસને મારવા ધસી ગયા. પણ બે વાર જેણે માર ખાધો છે એવા ભોળીદાસ ગભરાઈ ગયા. એમણે ઝૂકીને કહ્યું, "સાહેબ, હું તમારી માફી માગું છું. આ તો મને કોઈએ જે શિખવાડેલું તે મેં તમને કહ્યું ! મને માફ કરજો અને મારે શું કહેવું તે મને શીખવતા જજો."

ઠાઠડી ઊંચકનારા ભલા માણસો હતા. એમણે કહ્યું, "આવું કદી બનવું જોઈએ નહિ ! એમ તમારે કહેવું."

આ શબ્દો ગોખતા આપણા ભોળીદાસ આગળ ચાલ્યા. પેલા શબ્દો તો મુખમાં જ હતા. ત્યાં એમને લગ્નનું એક સરઘસ મળ્યું. શરણાઈઓ વાગતી હતી. જાનૈયાઓ ધૂન પર નાચતા હતા.

એમને જોઈ ભોળીદાસ બોલ્યા, "આવું ના થવું જોઈએ." આ શબ્દો સાંભળતાં જુવાન જાનૈયા ગુસ્સે થઈ ગયા. તેમણે ફટાકડા ફોડે એમ ભોળીદાસને બરોબર ફટકાર્યા. ભોળીદાસે નક્કી કર્યું કે હવે કોઈ સામે મળે તો બોલવું જ નહિ !

બે ત્રણ વાર ધરાઈને માર ખાધા પછી નંખાઈ ગયેલા ભોળીદાસ સાસરીએ આવી પહોંચ્યા. એમને જોઈ બધા ખુશ થઈ ગયા. એમનો સારો આવકાર કરવામાં આવ્યો. સારો નાસ્તો આપવામાં આવ્યો. એમને પોતાનાં સગાંઓએ કહેલી વાત સ્મરણમાં આવી. "શું તમે મજામાં છો ?" એમની સાસુએ પૂછ્યું.

સંબંધીએ કહેલી વાત યાદ રાખી ભોળીદાસ બોલ્યા, "હા."

"શું મારી દીકરી મજામાં છે ?" એમનાં સાસુએ પૂછ્યું.

સંબંધીની વાત યાદ કરી બોલ્યા, "ના."

આ સાંભળીને એમનાં સાસુ ગભરાઈ ગયાં. એમણે પૂછ્યું,

"શું મારી દીકરી માંદી છે ?"

"હા", ભોળીદાસે કહ્યું.

"શું એની તબિયત સુધારા ઉપર છે ?"

"ના."

ખૂબ જ ગભરાઈ જઈને એમનાં સાસુએ પૂછ્યું, "શું તે મૃત્યુ પામી છે ?"

"હા."

આ સાંભળીને તો સાસુમાએ મોટી ચીસ પાડી અને તે બેભાન થઈ ગયાં. સંબંધીઓ દોડી આવ્યા. એમના ઉપર પાણી છાંટ્યું. એ ભાનમાં આવ્યાં. થોડીવાર પછી સ્વજનોએ પૂછ્યું, "એવું શું બન્યું કે તમે બેભાન થઈ ગયાં ?"

એમણે ભોળીદાસ સામે આંગળી ચીંધી કહ્યું, "આમણે એનાં મરણના સમાચાર આપ્યા."

એમના સસરા પોતાના પત્નીની વાત માની શક્યા નહિ. એક દિવસ પહેલાં જ એમને દીકરીનો પત્ર મળ્યો હતો કે એ મજામાં છે.

એમણે ભોળીદાસને પૂછ્યું, "શું મારી દીકરી ખરેખર મૃત્યુ પામી છે ?"

હવે ભાનમાં આવેલા ભોળીદાસ બોલ્યા, "ના."

પછી એમણે ધીમેથી ઉમેર્યું, "હું તો મારા સંબંધીઓએ જેમ કહેવાનું કહ્યું હતું, તેમ કહેતો હતો. તમારી દીકરી જીવે છે."

આ સાંભળીને બધાંના જીવમાં જીવ આવ્યો.

# ૧૦ જંગલમાં મિજલસ

એક વિશાળ જંગલ. એમાં અસંખ્ય ઘટાદાર વૃક્ષો. જંગલમાં જાતજાતનાં પંખીઓ અને પ્રાણીઓ વસે. એ જંગલની બાજુમાં એક નાનકડું ગામ. તેમાં અમર અને આશા નામનાં બે ભાઈબહેન પોતાનાં મા-બાપ સાથે રહે. બંને ભાઈબહેન ઘણીવાર જંગલમાં ફરવા જાય. એને કારણે એમને જંગલનાં પ્રાણીઓ સારી રીતે ઓળખે. કેટલાંક પ્રાણીઓ તો આ બાળકોનાં ખાસ દોસ્તો બની ગયેલાં. જરાપણ ડર કે ગભરાટ સિવાય બંને બાળકો જંગલમાં ફરે.

એક દિવસની વાત છે. અમર અને આશા જંગલમાં ફરવા નીકળ્યાં હતાં. રસ્તામાં તેમને ટીપુ નામનો નાનકડો કૂતરો મળ્યો. કૂતરો ખૂબ ઉત્સાહમાં દોડતો દોડતો જઈ રહ્યો હતો. આશાએ કહ્યું, "જય જય ટીપુ, કેમ આજે કંઈ ખૂબ આનંદમાં દેખાય છે ?"

ટીપુ ઊભો રહી ગયો. બાળકોને જોઈ એ ગેલમાં આવી ગયો. પૂંછડી પટપટાવતો બોલ્યો, "નમસ્તે દોસ્તો ! શું તમને કશી ખબર નથી ?"

અમરે પૂછ્યું, "શી વાત છે ? શું કૂતરાઓનું કોઈ સંમેલન ભરાઈ રહ્યું છે ?"

ટીપુએ પોતાના આગલા બે પગ ઊંચા કરી સલામ કરી અને કહ્યું, "આજે જંગલમાં એક મિજલસ છે. જંગલનાં પશુઓનો મેળાવડો છે. હા, તમે તો એને મહેફિલ કહો છો, નહિ ? જંગલના રાજા સિંહ એમાં પ્રમુખસ્થાને બેસવાના છે. એમણે મને થોડો વહેલો બોલાવ્યો છે. મારે કાર્યક્રમનું સંચાલન કરવાનું છે. એટલે હું જઉં. ટા.... ટા.... કરીને એ નાનકડો કૂતરો ઝડપથી દોડી ગયો.

અમર અને આશા આગળ વધ્યાં. ત્યાં રસ્તામાં બે નાનાં સસલાંને જોયાં. બંનેનો રંગ ભૂખરો હતો. જોતાં જ ગમી જાય એવાં એ સસલાં કૂદતાં કૂદતાં જતાં હતાં.

અમરે કહ્યું, “નમસ્તે સસા રાણા ! આમ ઝડપથી ક્યાં ઊપડ્યાં ?” નાનકડાં સસલાં ખૂબ ખુશમાં હતાં. એકે કહ્યું, “શું તમને કશી ખબર નથી ?” આશાએ કહ્યું, “શી વાત છે ? કંઈ કહો તો ખરા.” બીજા સસલાએ પોતાની નાનકડી ગરદન ઊંચી કરી કહ્યું, “આજે રાજા મિજબાની આપે છે.” આશાએ પૂછ્યું, “શું સિંહરાજા તરફથી મિજલસ છે ?” સસલાએ કહ્યું, “હાસ્તો અને અમારા વગર કંઈ સાંસ્કૃતિક કાર્યક્રમ થાય ?” અમરે પૂછ્યું, “તમે એમાં શો ભાગ ભજવવાનાં છો ?” બંને નાનકડાં સસલાંએ પોતાના આગલા પગ જમીન પર તાલબધ્ધ પછાડ્યા ને કહ્યું, “અમે પખાજ વગાડવાના છીએ.” અને બંને સસલાં કૂદકા ભરતાં ભરતાં દોડી ગયાં.

થોડે આગળ એક રૂઆબદાર દેખાતો રૂપાળો મોર મળ્યો. તે ઊડવાની તૈયારીમાં હતો. આશાએ કહ્યું, “મોરભાઈ, શું તમે પણ રાજાના મેળાવડામાં જાઓ છો ?”

મોર થોડા અભિમાનથી બોલ્યો, “હું તો જન્મથી જ કલાકાર છું. હું ભાગ ન લઉં તો કાર્યક્રમ કેવી રીતે જામે ?”

અમરે પૂછ્યું, “મોરભાઈ, તમે ક્યો કાર્યક્રમ આપશો ?”

મોર બોલ્યો, “હું તો નૃત્યકાર છું. એટલે મારે નૃત્યો કરવાનાં છે.” એમ કહી મોરે કળા કરીને પોતાનાં રૂપાળાં પીછાં ઊભાં કર્યાં. બાળકોને ખૂબ મજા પડી. પછી તો મોરભાઈ પણ “નમસ્તે !” કહી ઊડી ગયા.

થોડે આગળ ગયાં ત્યાં એક બકરાનું કાબરચીતરું બચ્ચું મળ્યું. તે તો આમતેમ ઠેકડા મારતું ખૂબ ખુશમિજાજમાં દેખાતું હતું. અનિલે પૂછ્યું, "શું તમે પણ મિજલસમાં જાઓ છો ?" બકરાએ કહ્યું, "મારા વગર તે ચાલે ?" આશાએ કહ્યું, "તમે શું કરશો ?" બકરાએ જમીન ઉપર એક લાકડી ગોઠવી અને એના ઉપર તે ચારે પગે ઊભો રહ્યો. પછી તે હવામાં ગુલાટ લગાવી ફરી લાકડા પર ઊભો રહી ગયો અને બોલ્યો, "હું આવા ખેલો કરવાનો છું." એમ કહી તે આગળ વધી ગયો.

બંને બાળકો રસ્તા પર આગળ વધ્યાં. ત્યાં તેમને ત્રણ બળદો મળ્યાં. દરેક બળદ ભારે લાકડાથી ભરેલું એક ગાડું લઈને ચાલતો હતો. અમરે પૂછ્યું, "દોસ્તો, શું તમે પણ પેલી મિજલસમાં ભાગ લેવા જઈ રહ્યા છો ?" બળદોએ ગળામાંની ઘૂઘરીઓ રણઝણાવી કહ્યું, "હા, જરૂર." આશાએ પૂછ્યું, "તમે શો કાર્યક્રમ આપશો ?" એક રાતા બળદે કહ્યું, "અમે ભારે ગાડું ખેંચવાની હરીફાઈમાં ઉતરવાના છીએ." આશાએ પૂછ્યું, "જે જીતશે એને શું મળશે ?" દૂધ જેવી સફેદ ચામડીવાળા બળદે કહ્યું, "એક ગાંસડી ભરીને લીલુંછમ ઘાસ." એમ કહીને ત્રણે ઘૂઘરીઓ રણકાવતા આગળ ચાલ્યા.

થોડે દૂર જતાં બે મોટાં રીંછ દેખાયાં. એમના શરીર ઉપર કાળા ભમ્મર વાળની ભારે રૂવાંટી હતી. આશાએ પૂછ્યું, "રીંછદાદા, શું તમે પણ રાજાના મેળાવડામાં જાઓ છો ?" એક રીંછે રૂવાંટી થરથરાવી કહ્યું, "હા, અમને પણ સિંહરાજાનું આમંત્રણ મળ્યું છે." અમરે પૂછ્યું, "તમે ક્યો કાર્યક્રમ આપવાના છો ?" રીંછે કહ્યું, "અમે મુક્કાબાજી અને કુસ્તી કરવાનાં છીએ." આમ

કહી બંને રીંછ પોતાના પાછલા પગ પર ઊભાં રહ્યાં અને જાણે મુક્કાબાજી કરતાં હોય તેમ હવામાં પોતાનાં પંજા વીંઝવા લાગ્યાં. બંને બાળકો આગળ વધ્યાં.

રસ્તામાં પાણીથી ભરેલો એક વહેળો આવ્યો. વહેળામાં એક લફંગો મગર ડૂબકીઓ ખાતો હતો. બાળકોને જોઈ તેણે પોતાનાં વિકરાળ જડબાં ખોલ્યાં. બંને બાળકો ગભરાઈ ગયાં. પાછા ફરવા જતાં હતાં ત્યાં બે હાથી દોડતા આવ્યાં. એકે કહ્યું, "દોસ્તો, ગભરાશો નહિ અમને સિંહરાજાએ જ તમારી મદદે મોકલ્યા છે." બીજા હાથીએ પોતાની સૂંઢના જોરદાર ફટકાથી મગરને દૂર ફેંકી દીધો. એક હાથીએ કહ્યું, "હવે જરાયે ડર વગર મારા ઉપર બેસી જાઓ. હું તમને વહેળો પાર કરાવીશ." બંને બાળકો હાથી પર બેસી ગયા.

આગળ જતાં એક મેદાન આવ્યું. તેમાં હરણોનું એક મોટું ટોળું હતું. તેમના માથાં પરનાં આકર્ષક થોર જેવા શિંગડાં ખૂબ રૂપાળાં લાગતાં હતાં. આશાએ પૂછ્યું, "શું તમે પણ રાજાની મિજલસમાં જાઓ છો ?" "હા, અમે એમાં ભાગ લેવાના છીએ." હરણોએ માથાં હલાવી કહ્યું. અમરે પૂછ્યું, "તમે ક્યો કાર્યક્રમ આપવાનાં છો ?" હરણોએ કહ્યું, "અમે એમાં દિલ ડોલાવી દે તેવા કૂદકા લગાવવાનાં છીએ." એમ કહી રસ્તાની બીજી બાજુએ સુંદર છલાંગો લગાવી હરણો દોડી ગયાં.

રસ્તામાં શિયાળોનું એક ઝુંડ મળ્યું. અમરે પૂછ્યું, "શું તમે પણ રાજાના મેળાવડામાં જઈ રહ્યા છો ?" શિયાળોએ કહ્યું, "હા, અમે એમાં ભાગ લેવાનાં છીએ." આશાએ પૂછ્યું, "તમે શું કરશો ?" શિયાળોએ રૂવાંટીદાર પૂંછડીઓ હલાવી, ગળા ફુલાવી કહ્યું, "અમે એમાં સમૂહગીત રજૂ કરીશું."

બંને બાળકોએ હાથીઓને પૂછ્યું, "હાથીદાદા, તમે શો કાર્યક્રમ આપશો ?" હાથીઓએ પોતાની સૂંઢ ઊંચી કરી કહ્યું, "અમે બ્યૂગલ બજાવીશું."

બધાં જંગલમાં એક ખુલ્લી વિશાળ જગ્યામાં આવી પહોંચ્યાં. ત્યાં ભારે ઘોંઘાટ થઈ રહ્યો હતો. જાતજાતનાં પ્રાણીઓ ત્યાં એકઠાં થયાં હતાં. હાથીઓ સ્વયંસેવકો તરીકે સેવા આપવા ગયા. બાળકોએ જોયું તો એક મોટા સિંહાસન ઉપર સિંહરાજા બિરાજમાન થયા હતા. તેમણે બધાંને શાંતિ જાળવવાની વિનંતી કરીને જાહેર કર્યું કે, "હવે આપણો માનીતો મનોરંજન કાર્યક્રમ શરૂ થાય છે." "બોલો, વનદેવીની જે !" બધાં પ્રાણીઓએ જાતજાતના અવાજો કરી વનદેવીની જે બોલાવી. દરેક પ્રાણી આગળ આવી કહેવા લાગ્યું કે, "મારો કાર્યક્રમ પહેલો હોવો જોઈએ." સિંહરાજાએ ગર્જના કરી બધાંને શાંત પાડ્યાં અને કહ્યું, "ભાઈઓ અને બહેનો, જંગલની પણ એક શિસ્ત હોય છે. આપણો કાર્યક્રમ શિસ્તબદ્ધ ચાલવો જોઈએ. જુઓ આપણી પાસે અમર અને આશા નામનાં બે મહેમાનો પણ આવ્યાં છે. મેં આ ટોપલીમાં બધાંનાં નામો લખ્યાં છે. અમર અને આશા આગળ આવી ચિઠ્ઠી ઊપાડશે. આપણો દોસ્ત-કૂતરો ટીપુ જેનું નામ આવે તે જાહેર કરશે ને તે પ્રાણી પોતાનો કાર્યક્રમ આપશે." બધાં પ્રાણીઓએ આ જાહેરાતને વધાવી લીધી.

અમર અને આશા સ્ટેજ પાસે ગયાં. તેમણે સિંહરાજાને હાથ જોડી નમન કર્યું. તે ચિઠ્ઠી ઊપાડતાં ગયાં, કૂતરો ટીપુ નામ જાહેર કરતો ગયો અને કાર્યક્રમ આગળ ચાલતો ગયો. સસલાંએ પખાજ વગાડ્યું. મોરે ભાતભાતનાં નૃત્યો રજૂ કર્યાં, બકરાએ ઉછળકૂદના ખેલો કર્યા. બળદોએ ગાડાંદોડમાં ભાગ લીધો, હરણોએ ખુશ કરી

દે તેવા કૂદકા ભર્યાં, રીંછોએ કુસ્તી ને મુક્કાબાજીના દાવ ખેલ્યા. હાથીઓએ બ્યૂગલ ફૂંક્યાં, શિયાળોએ સમૂહગીત રજૂ કર્યું અને સૌથી છેલ્લે સિંહ રાજાએ જુદી જુદી ગર્જનાઓ કરી. આખું વાતાવરણ આનંદમય બની રહ્યું.

છેલ્લે સિંહરાજાએ કહ્યું, "આપ સૌનો આભાર. દરેકે સરસ રીતે પોતાનો કાર્યક્રમ રજૂ કરી આપણાં દિલ જીતી લીધાં છે. હું હાથીભાઈઓને વિનંતી કરું છું કે તેઓ આપણાં મહેમાનોને બહુમાન સાથે તેમને ઘેર પહોંચાડે."

તાળીઓના ગડગડાટ વચ્ચે અમર અને આશા ફરીથી હાથીઓ પર બેઠાં, અને ઘેર આવ્યાં. એમનાં મા-બાપ તો આ અદ્‌ભુત મિજલસની વાત ફરી ફરીને સાંભળતાં રહ્યાં.

## ૧૧ પ્રેમનો પ્રભાવ

એક નાનું નગર. તેમાં એક વેપારીનું કુટુંબ રહે. પિતાને સોનલ નામે નાનકડી દીકરી, ખૂબ વહાલી. માતાને વનવીર નામનો દીકરો ખૂબ વહાલો. બંને બાળકોને એકબીજા પ્રત્યે અમાપ પ્રેમ. વિશેષ તો બંનેને પશુ-પંખીઓ પ્રત્યે ખૂબ હેત. જ્યારે જુઓ ત્યારે ઘરમાં પશુપંખીની વાતો ચાલે. આ સુખી કુટુંબમાં અભિમાનનું તો નામનિશાન નહિ.

સવાર પડે અને પિતા પોતાની કરિયાણાની દુકાને જાય. શેઠનો સ્વભાવ સારો એટલે ગ્રાહકો પણ ખૂબ આવે, ને આવક પણ ઘણી થાય. રાતે બે નોકરો દુકાન સાચવે.

સોનલની માતા ખૂબ ભલી અને માયાળુ. કામગરી તો એવી કે જરા પણ નવરી ન પડે. સૂર્ય ઊગે તે પહેલાં જાગે, ઘરને ચોખ્ખુંચણાક રાખે. કપડાં ધોવાં, વાસણ માંજવાં એ બધું કામ જાતે કરે. પડોશીઓ કહે કે “કદાચ આ બાઈ ઊંઘમાં પણ કામ કરતી હશે !”

બાળકોથી તો લગભગ આખો દિવસ ઘર ભરેલું રહે. બીજાનાં બાળકોને પણ સોનલની માતા પોતાનાં બાળકો જેવા જ પ્રેમથી ચાહે. માણસોને તો શું પશુ પંખી પ્રત્યે પણ વહાલ દર્શાવે. ભૂખ્યાં કે ઘાયલ થયેલાં પશુ કે પંખીને પોતાના ઘેર લઈ જઈને સાચવે, સારવાર કરે. માતાએ પોતાનાં બાળકોને પણ પશુપંખી પ્રત્યે પ્રેમ રાખતાં શીખવ્યું હતું.

એક દિવસ સોનલની માતા ઘર પાસેના મેદાનમાં થઈને જતી હતી. તેણે જોયું તો કેટલાક તોફાની છોકરાઓ વૃક્ષ પર બેઠેલા મોર પર પથ્થરો ફેંકતા હતા. સોનલની માતા ત્યાં દોડી ગઈ. તેણે કહ્યું, "અરે ! આ અબોલ પંખીએ તમારું શું બગાડ્યું છે કે તમે એના પર પથરા ફેંકો છો ?" એક તોફાની છોકરાએ કહ્યું, "એ અમારાં ખેતરોમાં નુકસાન કરે છે." આમ કહી એણે તાકીને પથરો ફેંક્યો. પથરો પેલા મોરને બરાબર પગમાં જ વાગ્યો. મોરે ઊડવાનો પ્રયત્ન કર્યો પણ એનાથી ઊડાયું નહિ. એનો પગ ભાંગી ગયો હતો. એ ધબ્બ દઈને જમીન પર પડ્યો.

સોનલની માતા તરત જ મોર પાસે ધસી ગઈ. પેલા છોકરા બીજો કોઈ પથ્થર મારે એ પહેલાં ઘાયલ થયેલા મોરને ખોળામાં લઈ બેસી ગઈ ને પ્રેમથી પંપાળવા લાગી. મોર તો ધ્રૂજતો હતો. સોનલની માએ ઊંચું જોયું તો પેલા છોકરા ત્યાંથી રફુચક્કર થઈ ગયાં હતાં.

પોતાના બાળકની જેમ ઘાયલ મોરને ઊંચકીને સોનલની માતા પોતાને ઘેર લઈ આવી. મોરથી તો ચલાતું પણ નહોતું. સોનલની માતાએ વનવીરને હાંક મારી. ઘાયલ મોરને જોઈ વનવીર તરત પૂંઠાની પટી લઈ આવ્યો. સોનલ પાટો લઈ આવી. ત્રણેએ સંભાળપૂર્વક મોરના ઘવાયેલા પગ પર પાટો બાંધ્યો. ચણ નાખી પોતાના વાડામાં છૂટો મૂક્યો.

દિવસોની સારવારને અંતે મોરનો પગ સાજોસમો થઈ ગયો. એ ઝાડ પર ઊડીને બેઠો. આભાર માનતો હોય એમ 'ટેહુંક, ટેહુંક' કરવા લાગ્યો. મોરને પણ આ ઘર, બાળકો ને બધું એવું ગમી ગયું કે એ ત્યાં જ રહેવા લાગ્યો. સોનલ અને વનવીરનો દોસ્ત બની ગયો.

એક સાંજની વાત છે. સોનલ અને વનવીર અલકમલકની વાતો કરતાં બેઠાં હતાં, ત્યાં એમણે બહાર કોઈના કણસવાનો ઉંહકારાનો અવાજ સાંભળ્યો. બહાર જઈને જોયું તો એક ઘાયલ થયેલી, ભૂખથી દૂબળી પડી ગયેલી બિલાડી. બિલાડી બંને સામે દયામણું મોં કરી જોવા લાગી. સોનલની મમ્મીએ કહ્યું, "એને અંદર લાવી પ્રેમથી પંપાળો અને દૂધ આપો." સોનલે દોડીને બિલાડીને વાસણમાં દૂધ આપ્યું. વનવીરે ઘરના ખૂણામાં એને માટે પાથરણું પાથરી, ઊંચકીને બિલાડીને ત્યાં મૂકી. આભારવશ બિલાડી 'મ્યાંઉં, મ્યાંઉં કરવા લાગી. બિલાડીને સારું થઈ ગયું. એટલે એ તો આ ઘરની કાયમની મહેમાન બની ગઈ !

એક દિવસ વનવીર મેદાનમાં રમતો હતો, ત્યાં તેણે એક કાકાકૌઆ જોયો. એની એક પાંખ તૂટી ગઈ હતી. વનવીર તેને સંભાળપૂર્વક ઘેર લઈ આવ્યો. તેની માતાએ તેને પંખીની તૂટેલી પાંખ પર કેવી રીતે પાટો બાંધવો તે શીખવ્યું. થોડા દિવસમાં તે પણ સારો થઈ ગયો. અને પછી તો જવાનું નામ જ શાનો લે ? સોનલની બિલાડી અને વનવીરનો કાકાકૌઆ ! ટેહૂંક ટેહુંક કરતો મોર તો ભાઈબંધ બની ગયો હતો.

વનવીરે કાકાકૌઆને મીઠું મીઠું બોલતા શીખવ્યું. હવે તો તે વનવીર અને સોનલને તેમનાં નામ લઈને બોલાવવા લાગ્યો. તે કહેતો "વનવીર આવો."

"સોનલ, પધારો", "શું કરો છો ? મજામાં ને ?" આવું પણ બોલતો.

એક વાર વનવીર તેના ભાઈબંધો સાથે ઘેર એકલો હતો. તેના ભાઈબંધોએ કાકાકૌઆને શીખવ્યું, "ચોર ! ચોર ! વનવીર

આવો ! લાકડી લાવો ! ચોરને મારો ! ચોરને મારો !''

વનવીરની માતા ઘેર આવી ત્યારે તેણે કાકાકૌઆને આવું બોલતો સાંભળ્યો. તેણે કહ્યું, ''બેટા, તેં તેને આવું કેમ શીખવ્યું !'' વનવીરે કહ્યું, ''બા, ધારો કે ચોર આવે તો આવું સાંભળીને કેવો ગભરાય !'' બધાં હસી પડ્યાં.

કાકાકૌઆ અને મોર પાસે પાસે જ રહેતા. બિલાડી પણ એમનાથી ને બાળકોથી ભાગ્યે જ દૂર હતી. કાકાકૌઆ બોલવામાં ભારે હોશિયાર થઈ ગયો હતો.

એક દિવસે વનવીરના પિતાજીને દુકાનમાં ઘણો વકરો થયો હતો. ઘણાં દિવસની આવક ભેગી થતાં ઘણા પૈસા થયા હતા. ઢગલાબંધ રૂપિયા લઈને તે ઘેર આવ્યા. તેમણે પોતાની પત્નીને કહ્યું, ''આજે મારે દુકાને સૂવું પડશે. ત્યાં ગઈ કાલે ચોર આવ્યા હતા, તેથી પૈસા હું ઘેર મૂકું છું. તમે પૈસાને પેટીમાં મૂકો. તમે ત્રણે રાત્રે બરાબર ધ્યાન રાખજો.''

વનવીરે મોર, કાકાકૌઆ અને બિલાડીને બતાવીને કહ્યું, ''અમે ત્રણ કેમ ? અમે તો છ છીએ !'' અને બધા ખડખડાટ હસી પડ્યાં.

રાત્રે બિલાડી પૈસાની પેટી પર સૂતી હતી. મોર અને કાકાકૌઆ ઘર બહાર ઝાડ પર બેઠા હતા. માતા, વનવીર અને સોનલ ઘરમાં સૂતાં હતાં.

મધરાતે બધું સૂમસામ હતું.

અંધારામાં માત્ર તમરાં બોલતાં હતાં. ત્યારે પાછળની બાજુએ

ધીમે પગલે ચોર આવ્યા. તેમણે પોતાની પાસેના અણીદાર ગણેશિયાથી દીવાલ કોચવા માંડી. મોટું બાકું પડ્યું એટલે હાથ નાખી બારણાની સાંકળ ઊઘાડી ઘરમાં પેઠા.

તે સીધા પૈસાની પેટી પાસે ગયા. તેમણે દિવસે ફેરિયાના વેશમાં બધું જોઈ લીધું હતું. ચોરોને જોઈ પેટી પર સૂતેલી બિલાડી જાગી ગઈ અને ઘૂરકિયાં કરતી ચોરોને નહોર મારવા લાગી. મોર પણ ઊંઘમાંથી જાગી જતાં મોટેથી બોલવા લાગ્યો.

આથી ચોરો ગભરાયા. તેમને થયું કે આજે આવી બન્યું ! ત્યાં પરસાળમાં બેઠેલો કાકાકૌઆ જાગી ગયો ને મોટેથી બોલવા લાગ્યો. "ચોર ! ચોર ! વનવીર આવો ! લાકડી લાવો ! ચોરને મારો ! ચોરને મારો !" હવે ચોરોને લાગ્યું કે પરસાળમાં પણ માણસો ઊભા છે. તેથી તેઓ જલદી જલદી રસોડામાંથી નીકળી જવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ત્યાં બાળકોની માતા થરથર ધ્રૂજતી ઊભી હતી. વનવીર અને સોનલ પણ ગભરાઈ ગયાં હતાં.

ગભરાઈ ગયેલા ચોરોને ક્યાંથી જવું તે સૂઝતું નહોતું. કાકાકૌઆ અને મોરની બૂમાબૂમ અને ચીસાચીસથી પડોશીઓ આવી ગયા. તેમણે દોડીને ચોરોને પકડી લીધા.

ત્યાં તો બાળકોના પિતા પોલીસ લઈને આવી ગયા. પોલીસોએ ચોરોને દોરડાથી બાંધી દીધા. અને બાળકોના પિતાને કહ્યું કે, "આ તો આ શહેરના નામીચા ચોરો છે. તેમને પકડવા આપણી સરકારે પાંચ હજારનું ઈનામ જાહેર કર્યું છે. તમે બધાં કેટલાં નસીબદાર છો !"

સોનલની માતાએ કહ્યું, "સાહેબ, આ ઈનામનાં સાચા

હક્કદાર તો અમારી આ બિલાડી, આ મોર અને આ કાકાકૌઆ જ છે. તેમણે આજે ખરેખર તો અમારી જિંદગી બચાવી છે.''

વનવીર અને સોનલ તો પોતાના પંખી દોસ્તોની પાસે જઈને તેમને ખૂબ વહાલ કરતાં હતાં. સ્નેહની સુવાસથી એમનાં અંતઃકરણો મહેંકતાં હતાં.

# ૧૨ એકલપેટો નગરશેઠ

*લેખક : ઓસ્કાર વાઈલ્ડ     અનુવાદક : ભગવત પ્રસાદ ચૌહાણ*

એક નગરશેઠની આ વાત છે. મહેલની ફરતે બગીચો બનાવી તે એમાં એકલો રહેતો. દરરોજ સાંજે શાળામાંથી છૂટીને, બાળકો નગરશેઠના બગીચામાં રમવા માટે જતાં. એ તો એક વિશાળ ને રમણીય બગીચો હતો ને તેમાં કોમળ ને લીલુંછમ ઘાસ ઊગતું હતું. જ્યાં જ્યાં નજર પડે ત્યાં નાનકડા તારાઓ જેવાં સુંદર ફૂલો હતાં. ને વચમાં બાર જેટલાં પીચવૃક્ષો હતાં. જેનાં ઉપર વસંતઋતુમાં આછા ગુલાબી રંગના, મોતી જેવા ફૂલો બેસતાં ને પાનખરમાં નાજુક રંગના સ્વાદિષ્ટ ફળોથી તે વૃક્ષો લહેરાઈ રહેતાં. આ વૃક્ષો ઉપર પક્ષીઓ બેસતાં ને એવાં મધુર ગીતો ગાતાં કે બાળકો પોતાની રમત છોડી દઈને તેમનાં ગીતો સાંભળતાં.

"અહીં, આપણને કેટલી બધી મજા પડે છે, નહિ ?" તેઓ એકબીજાને કહેતાં.

એક દિવસ નગરશેઠ તેના મહેલમાં પાછો ફર્યો. તે પોતાના એક ધનવાન પિતરાઈ ભાઈની મુલાકાતે ગયો હતો. ને ત્યાં સાત વર્ષ રહ્યો હતો. તે પાછો આવ્યો ત્યારે તેણે બાળકોને પોતાના બગીચામાં રમતાં દીઠાં.

"તમે અહીં શું કરો છો ?" તેણે કઠોર અવાજે બૂમ પાડી, "મારો બગીચો તે મારો જ છે ને હું મારા સિવાય બીજા કોઈને અહીં રમવા દેવાનો નથી."

તેથી તેણે પોતાના બગીચાની આસપાસ એક ઊંચી દીવાલ

ચણી લીધી, ને ત્યાં પાટિયું માર્યું કે, 'આ સ્થળમાં રજા વગર પ્રવેશ કરનાર પર કાયદેસર કામ ચલાવવામાં આવશે.' નગરશેઠ ખૂબ સ્વાર્થી અને એકલપેટો હતો.

પેલાં ગરીબ બાળકો માટે હવે રમવા માટે કોઈ જગ્યા રહી નહિ. તેઓ ના છૂટકે જાહેર રસ્તા ઉપર રમવા લાગ્યાં, પણ રસ્તો ધૂળવાળો હતો ને તેના ઉપર પુષ્કળ મરડિયા ને પથ્થરો હતાં, તેથી તેમને ત્યાં રમવાનું ગમતું નહિ. તેમનું ભણવાનું પૂરું થાય તે પછી તેઓ પેલી ઊંચી દીવાલની આસપાસ ફર્યા કરતાં ને અંદરના સુંદર બગીચા વિશે વાત કરતાં એકબીજાને કહેતાં કે, "આપણને ત્યાં કેટલી બધી મજા પડતી હતી !"

પછી વસંતની પધરામણી થઈ. આખા મુલકમાં નાની નાની કૂંપળો ફૂટી ને નાનાં નાનાં પક્ષીઓ દેખાવા લાગ્યાં. પરંતુ પેલા એકલપેટા નગરશેઠના બગીચામાં તો હજુયે પેલો કાતિલ શિયાળો જ હતો. ત્યાં નાનાં બાળકો નહોતાં એટલે પક્ષીઓ પણ અંદર પોતાનાં મધુર ગીતો ગાવા માટે જતાં નહિ ને વૃક્ષો પણ કૂંપળવાનું વીસરી ગયાં હતાં. એક વાર એક નાનકડા પુષ્પે ઘાસમાંથી પોતાનું મસ્તક જરા ઊંચું કર્યું પરંતુ જ્યારે તેણે આજુ બાજુની પરિસ્થિતિ નિહાળી ત્યારે તેને પેલાં નાનાં બાળકો માટે એટલું બધું લાગી આવ્યું કે તે ફરીથી ભૂમિમાં સરકી ગયું ને ઊંઘી ગયું.

જો કોઈને પણ આનંદ થયો હોય તો તે બરફને, ને ઠરી ગયેલા ઝાકળને, કે હિમને થયો હતો. તેમણે તો બૂમ પાડીને કહ્યું કે, "વસંત આ બગીચાને ભૂલી ગઈ છે. તેથી આપણે બંદા તો આખું વર્ષ અહીં જ મુકામ કરીશું !" બરફે પોતાના વિશાળ સફેદ ઝભ્ભાથી ઘાસને ઢાંકી દીધું ને હિમે બધાં વૃક્ષોને ચાંદી જેવા રંગથી રંગી દીધાં. પછી

તેમણે ઉત્તરના હિમભર્યા પવનને તેમની સાથે આવીને રહેવાનું આમંત્રણ આપ્યું ને તે ખુશ થઈને આવ્યો. તે આખો દિવસ બગીચામાં જોરશોરથી ફૂંકાતો રહ્યો, ને દાંત કકડે તેવા અટ્ટહાસ્યો કરતો રહ્યો. તેણે કહ્યું, "આ તો સુંદર સ્થળ છે. ચાલો આપણે કરાની વૃષ્ટિને આમંત્રણ આપીએ." તેથી કરા પણ આવી પહોંચ્યા. દરરોજ ત્રણ કલાક સુધી આખા મહેલ ઉપર કરા વરસતા રહ્યા ને તેમણે મહેલના છાપરાનો મોટો ભાગ તોડી પાડ્યો. પછી તો કરા જેટલી થઈ શકે તેટલી ઝડપથી આખા બગીચામાં આમતેમ દોડવા ને નાચવા લાગ્યા, ને તેમનો હિમ જેવો શીતળ શ્વાસ બધે પથરાઈ રહ્યો. એકલપેટો નગરશેઠ તેના મહેલની એક બારી પાસે બેઠો હતો. તેણે પોતાના હિમશીતલ ને સફેદ પૂણી જેવા થઈ ગયેલા બગીચા તરફ જોઈને કહ્યું, "આ વખતે વસંતઋતુને આવવામાં આટલો બધો વખત કેમ લાગ્યો તે જ મને સમજાતું નથી. છતાં, મને આશા છે કે હવામાનમાં પલટો થશે."

પરંતુ ન આવી વસંત કે ન દેખાયો ઉનાળો. પાનખરમાં તો બધાં બગીચાઓમાં ફળો બેઠાં, પરંતુ નગરશેઠનો બગીચો તો ફળ વગરનો જ રહ્યો. પાનખર ઋતુએ કહ્યું કે, "નગરશેઠ તો ખૂબ સ્વાર્થી છે. તેથી ત્યાં કાયમ શિયાળો જ રહ્યો."

એક સવારે નગરશેઠ પોતાની પથારીમાં જાગતો પડ્યો હતો ત્યારે તેણે કશુંક મધુર સંગીત સાંભળ્યું. સંગીત તેને એટલું બધું કર્ણપ્રિય લાગ્યું કે તેને થયું કે રાજાના સંગીતકારો ક્યાંક પાસેથી પસાર થતાં હશે. ખરેખર, તો તેની બારીની બહાર એક નાનકડું લિનિટ પંખી ગાતું હતું, પરંતુ તેના બાગમાં કોઈ પંખી કલરવતું હોય તેને એટલો બધો સમય વીતી ગયો હતો કે નગરશેઠને તે સંગીત

દુનિયામાં સહુથી મધુરું લાગ્યું. પછી તો કરા તેના માથા ઉપર નાચતા અટકી ગયા ને ઉત્તરના બર્ફિલા પવનની ગર્જનાઓ પણ બંધ પડી ગઈ ને ખુલ્લી બારીમાંથી આવતી એક આહ્‌લાદક ખુશબોનો તેને સ્પર્શ થયો.

“મને લાગે છે કે અંતે વસંત આવી ખરી.” એવું કહીને, કૂદકો મારીને નગરશેઠ તેની પથારીમાં બેઠો થઈ ગયો ને તેણે બારીમાંથી બહાર જોયું.

તેણે આ અદ્‌ભુત દશ્ય નિહાળ્યું, દીવાલના એક નાનકડાં બાકોરામાંથી બાળકો અંદર સરકી આવ્યાં હતાં ને તેઓ વૃક્ષોની ડાળીઓમાં બેઠાં હતાં. જે જે વૃક્ષ ઉપર તેની દૃષ્ટિ પડી તે દરેક વૃક્ષમાં એક નાનકડું બાળક બેઠું હતું. અને પોતાનામાં બાળકોને પાછાં આવેલાં જોઈને વૃક્ષો એટલાં બધાં ખુશ થઈ ગયાં હતાં કે લીલી લીલી કૂંપળોથી તેમણે પોતાને શણગાર્યાં હતાં ને બાળકોનાં મસ્તકો ઉપર તેમના હાથ ધીમેથી પંખો નાખતાં હતાં. પક્ષીઓ આમ તેમ ઊડતાં હતાં ને ખુશખુશાલ થઈને કિલબિલ કિલબિલ કરતાં હતાં. તે નાનકડાં પુષ્પો લીલા ઘાસમાંથી આમતેમ જોતાં હતાં ને હસતાં હતાં.

ખૂબ મનહર ને મનભર દ્રશ્ય હતું, પરંતુ હજુ એક ખૂણામાં શિયાળો હતો ને ત્યાં એક નાનકડો કિશોર ઊભો હતો. તે એટલો બધો નાનો હતો કે તે ડાળીઓ સુધી પહોંચી શકતો ન હતો, ને તેથી તે આમતેમ ફરતો હતો ને દયા આવે તેવું રડતો હતો. પેલું બિચારું વૃક્ષ હજુયે હિમ ને બરફથી ઢંકાયેલું હતું, ને ઉત્તરનો થીજાવી દેતો પવન સુસવાટા સાથે તેના ઉપર ફૂંકાતો હતો. “નાના કિશોર, ઉપર ચઢી આવ.” એમ કહીને વૃક્ષે નમાવી શકાય તેટલી પોતાની ડાળીઓ

નીચે નમાવી, પણ કિશોર ઘણો નાનો હતો.

નગરશેઠે ત્યાં જોયું ને તરત તેનું હૃદય પીગળી ગયું. તેણે વિચાર્યું કે, "હું કેટલો બધો સ્વાર્થી બન્યો છું! હવે મને સમજ પડે છે કે વસંત કેમ અહીં આવતી નહોતી. હું પેલા નાનકડા કિશોરને ઊંચકીને વૃક્ષ ઉપર મૂકીશ પછી હું પેલી દીવાલને તોડી પાડીશ ને મારો બગીચો સદાસર્વકાળ બાળકોનો બગીચો બની રહેશે." પોતે જે કર્યું હતું તેથી નગરશેઠને ખૂબ દુઃખ લાગ્યું.

તે હળવેથી દાદરો ઊતર્યો. ધીમેથી તેણે આગળનું બારણું ઊઘાડ્યું ને બગીચામાં ગયો. તેને જોઈને બાળકો એટલાં બધાં ગભરાઈ ગયાં કે તેઓ નાસી ગયાં, ને બગીચો ફરીથી શિયાળો બની ગયો. માત્ર પેલો નાનકડો કિશોર નાસી ગયો નહિ. કારણ, તેની આંખોમાં એટલાં બધાં આંસુ ધસી આવ્યાં હતાં કે તેણે નગરશેઠને આવતો જોયો નહોતો. નગરશેઠ ચુપકીદીથી તે નાનકડા કિશોરની પાછળ ગયો, હળવેથી તેને ઊંચક્યો ને ધીરેથી તેને વૃક્ષની એક ડાળી ઉપર બેસાડી દીધો. વૃક્ષ ઉપર એકદમ કૂંપળો ફૂટી નીકળી, પંખીઓ આવ્યાં, ને વૃક્ષ ઉપર બેસી ગીતો ગાવા લાગ્યાં. પેલા નાનકડા કિશોરે પોતાના કોમળ હાથ નગરશેઠના ગળે વીંટાળી દીધા ને તેને ચુંબન કર્યું. શું બની રહ્યું છે તે જોઈને બીજાં બાળકો પણ દોડતાં આવ્યાં ને તેમની સાથે જ દોડી આવી વસંત.

"બાળકો, હવેથી આ બગીચો તમારો જ છે." નગરશેઠે કહ્યું, ને એક મોટી કુહાડી લઈને તેણે દીવાલને તોડી પાડી. જ્યારે લોકો બજારે જવા માટે ત્યાં થઈને નીકળતાં ત્યારે તેઓએ પહેલાં કદી ન નિહાળ્યો હોય તેવા એક સૌથી સુંદર બગીચામાં નગરશેઠને બાળકો સાથે રમતા નિહાળતાં.

આખો દિવસ બાળકો ત્યાં ખેલતાં ને સાંજે નગરશેઠની વિદાય લેતાં. નગરશેઠ પૂછતો, "તમારો પેલો નાનકડો સાથીદાર ક્યાં છે?"

"અમને ખબર નથી." બાળકોએ જવાબ આપ્યો, "તે જતો રહ્યો છે."

"તમે તેને કહેજો કે તે આવતી કાલે આવે." નગરશેઠે કહ્યું. પરંતુ બાળકોએ જણાવ્યું કે, "અમે તેને કદી જોયો નથી ને તે ક્યાં રહે છે તે અમે જાણતાં નથી." નગરશેઠને ખૂબ દુઃખ થયું.

દરરોજ સાંજે, શાળા છૂટ્યા પછી, બાળકો ત્યાં આવીને નગરશેઠ સાથે રમતાં. પરંતુ જે નાનકડા કિશોર ઉપર નગરશેઠને ખૂબ પ્રેમ હતો તે ફરી કદી દેખાયો જ નહિ. નગરશેઠ બાળકો પ્રત્યે અતિ માયાળુ હતો, છતાં પણ તે સતત પોતાના પ્રથમ દોસ્તને ઝંખ્યા કરતો. તે કહેતો કે, "મને તેને મળવાની તીવ્ર ઇચ્છા છે."

વર્ષો પસાર થતાં ગયાં ને નગરશેઠ વૃદ્ધ ને કમજોર થતો ગયો. હવે તે રમી શકતો નહિ. તેથી તે એક મોટી આરામખુરશી લાવીને તેમાં બેસતો ને રમતાં બાળકોને તથા ખુશખુશાલ બગીચાને નિહાળ્યા કરતો. તે કહેતો કે, "મારી પાસે કેટલાંક સુંદર પુષ્પો છે."

શિયાળાની એક સવારે કપડાં બદલતાં બદલતાં તેણે બારીમાંથી બહાર જોયું. હવે શિયાળા પર તેને રોષ ચઢતો નહોતો, કારણ, તેને સમજણ પડી હતી કે શિયાળો એટલે નિદ્રાધીન વસંત, જેમાં ફૂલો પણ આરામ કરતાં હોય છે. અચાનક તેણે અચંબો પામી પોતાની આંખો ચોળીને જોયું. તેણે એક અદ્‌ભુત સુંદર દશ્ય નિહાળ્યું. બગીચાના છેક છેવાડાના ખૂણામાં એક વૃક્ષ ઉપર સુંદર સફેદ કૂંપણો ફૂટી હતી. તેની ડાળીઓ સોનેરી હતી ને તેના ઉપર ચાંદીના જેવાં

ફળો લટકતાં હતાં, ને તેની નીચે પેલો નાનકડો કિશોર ઊભો હતો. જેના ઉપર તેને અતિશય મમતા હતી.

આનંદમાં આવી જઈ નગરશેઠ બગીચામાં દોડી ગયો ને પેલા કિશોર પાસે ગયો. પરંતુ તે પાસે આવ્યો ત્યારે તેનો ચહેરો તાંબા જેવો રાતોચોળ થઈ ગયો. "તને ઘાયલ કરવાની હિંમત કોણે કરી ?" તેણે આકળા થઈ જઈ બૂમ પાડી. કારણ, કિશોરના હાથની હથેલીઓમાં ખીલાના બે ઘા હતા ને એવા જ ઘા તેના પગ ઉપર પણ હતા.

"તને ઘાયલ કરવાની હિંમત કોણે કરી ?" ફરીથી નગરશેઠે મોટા અવાજે પૂછ્યું, "મને કહે એટલે હું મારી તલવાર લઈને તેને મારી નાખું !"

"ના." કિશોરે કહ્યું, "આ તો પ્રેમના ઘા છે." "તું કોણ છે ?" નગર શેઠે પૂછયું. પછી એક આદરયુક્ત ભય તેને વીંટળાઈ વળ્યો ને તે પેલા બાળક આગળ ઘૂંટણે પડ્યો. બાળકે નગરશેઠ તરફ જોઈ સ્મિત કરીને કહ્યું, "તેં એક વાર તારા બગીચામાં મને રમવા દીધો હતો. આજે તું મારી સાથે મારા બગીચામાં આવીશ, અને તે જ સ્વર્ગલોક છે."

## ૧૩ સફેદ કબૂતર

એક નાનું ગામ. બધી કોમનાં માણસો તેમાં ભાઈચારાથી રહે. તેમાં અમરતી નામની નાનકડી બાળા પણ તેની માતા સાથે રહે. અમરતીના માતા ગરીબ તેથી અમરતીને નાનપણથી જ મહેનત મજૂરીની ટેવ. હસમુખી અમરતી હસતી જાય ને કામ કરતી જાય. કામ કરતાં કરતાં તેની આંખો ઘણીવાર બગીચામાંના ઝાડ ઉપર જાય. કારણ, તેને પંખીઓ ઉપર ખૂબ વહાલ હતું. પંચરત્નની ટીટોડીની ઈંડાંની વાત તેને ખૂબ ગમે. નવું પંખી જુએ કે કોઈ પંખીનો મીઠો કલરવ સાંભળે ત્યારે તો તે ગાંડી ને ઘેલી થઈ જાય.

છતાં એક બાબતનું દુઃખ. પશુ પંખી ઉપર આંખની કીકી જેવું વહાલ હોવા છતાં તેની પાસે પોતાનું કોઈ પાળેલું પશુ કે પંખી નહોતું. તેથી તે અજાણ્યાં પંખીઓને પોતાના આંગણામાં લાડ લડાવતી. તેમને માટે તે પોતાના આંગણામાં આવેલા એક ઝાડના ઠૂંઠા ઉપર રોટલીના નાના નાના ટુકડા કે ખાતાં વધેલો ખોરાક નાખતી. ક્યારેક તો પોતે ભૂખી રહીને પણ આમ કરતી. લીમડાની એક નીચી ડાળી ઉપર બાંધેલી ઠીબમાં રોજ પાણી પણ રેડતી.

એક દિવસ બરફ જેવું સફેદ એક કબૂતર ત્યાં ચણવા માટે આવ્યું. રૂના નાનકડા ઢગલા જેવું, ગોળાકાર પંખી જેવી તેની પૂંછડી, ઘૂ.. ઘૂ..ઘૂ..ઘૂ.. કરતું આમ તેમ ઘૂમે ત્યારે તો એટલું બધું સુંદર લાગે કે ન પૂછો વાત. અમરતી તો ખુશખુશ થઈ ગઈ. તે તેની માતા પાસે દોડી ગઈ. "બા, બા, જરા બહાર આવ તો !"

"શું છે ? કેમ આજે રાજીની રેડ થઈ ગઈ છે ?" માતાએ કહ્યું, પણ તે તો માતાનો સાડીનો છેડો પકડીને આંગણામાં લઈ આવી.

"જો બા ત્યાં જો, જો પેલું ધોળું આકાશ જેવું ધોળું કબૂતર ને એની પંખા જેવી સુંદર પૂંછડી તો જો ! કેટલું રૂપાળું લાગે છે નહિ ? ક્યાંથી આવ્યું હશે ?"

"મને તો આવું કબૂતર પાળવાનું ખૂબ ગમે."

"જો બેટા, કબૂતર પાળવાનો શોખ તો પોસાય અમીરોને, આપણે તો રહ્યાં ગરીબ. કબૂતરોને ચણવા માટે તો જોઈએ અનાજના દાણા ને આપણી પાસે તો પેટ ભરવા માટેય પૂરતા પૈસા નથી. તારા બાપુજી જીવતા હોત તો.."અમરતીની માતાથી ડૂસકું ભરાઈ ગયું, પણ તેણે તરત પાલવથી મોં ઢાંકી દીધું,

રૂપકડા કબૂતરને જોવામાં એકચિત્ત થઈ ગયેલી અમરતીને આની ખબર ન પડી. તેણીએ પૂછ્યું, "બા, એ રોટલીના ટુકડા ચણતું કેમ નથી ?"

માતાએ કહ્યું, "બેટા, એ તો જોવા આવ્યું છે કે અહીં અનાજના દાણા કે બી મળે છે કે કેમ ? પણ એવું નહિ મળે એટલે પટ દઈને પાંખો ફફડાવશે ને ઊડી જશે."

હજીએ ગટર.. ઘૂ કરતું રૂઆબદાર કબૂતર ઊડી જ ગયું હોત.... પણ અચાનક કશુંક ભયંકર બની ગયું. પાસેના અવાવરુ ઘરમાં રહેતી બિલાડી ચૂપકીદીથી આવીને એક નાના ઝાડવા પાછળ છુપાઈ ગઈ હતી. ત્યાંથી તેણે પેલા કબૂતર પર તરાપ મારી !

"અરે ! અરે !" અમરતીને ફાળ પડી ને તે તરત જ દોડી. પણ ત્યાં સુધીમાં તો બિલાડીએ કબૂતરને પકડી લીધું હતું. અમરતીએ બિલાડીને ડરાવીને ભગાડી મૂકી ને પાંખો ફફડાવતા ઘાયલ કબૂતરને હળવેથી ઊંચકી લીધું.

બિલાડીએ કબૂતરની એક પાંખ લગભગ તોડી નાખી હતી. કબૂતર ઘણું ગભરાઈ ગયું હતું. તેની માણેક જેવી લાલ આંખો બંધ થઈ ગઈ હતી.

ત્યાં સુધીમાં તો તેની માતા પણ ત્યાં પહોંચી ગઈ. તેણે કહ્યું, "અમરતી બેટા, એની પાંખ ઉપર એની હગાર લગાડી દે." અમરતીએ તરત તેમ કર્યું. "હવે એને કોઈ પીંજરામાં થોડાક દિવસ રાખવું પડશે."

"જરૂર બા, આપણે એમ જ કરીશું." કહી અમરતી દોડીને એક ખોખું લઈ આવી. તેમાં થોડું ઘાસ તેમ જ પરાળ ગોઠવ્યું. સળિયાની પાસે પાતળા તાર પણ બાંધી દીધા. પછી તેમાં ધીરેથી પેલા ઘાયલ કબૂતરને મૂક્યું. અમરતીના કોમળ હાથમાં કબૂતરને ડર લાગતો ન હતો. જાણે કે એ પણ સમજી ગયું હતું કે નાનકડી અમરતીને તેના ઉપર સાચું હેત હતું.

ફરીથી અમરતી માતા પાસે દોડી ગઈ. માતા બીજાઓ માટે ગૂંથવાનું કામ કરતી હતી. "બા, હું તેને શું ખવડાવું ? મારી પાસે તો થોડું અનાજ ખરીદવાંના પૈસા પણ નથી." તેણે ઉદાસ ચહેરે કહ્યું.

"જો બેટા, શેરીના નાકા ઉપર અબ્બાસ ચાચા અને મરિયમ ચાચી રહે છે. તે ઘેટાં બકરાં ને મરઘાં-બતકાં રાખે છે. ચાચીને જઈને પૂછ કે આપને કંઈ કામ કરાવવું છે ? ને જો કંઈ કામ હોય તો દિલ દઈને કરજે તો એ તને અનાજના થોડા દાણાં આપશે."

અમરતી ફરરરર કરતી ચકલીની જેમ જાણે ઊડીને ત્યાં પહોંચી ગઈ. ઘરડાં મરિયમ ચાચી ઓસરીમાં બેસી મરઘીનાં ઈંડાં ગણતાં હતાં. અમરતીને જોઈ તેમણે કહ્યું, "આવ દીકરી, ક્યાંથી ભૂલી પડી ?"

અમરતીએ કહ્યું, ""દાદી, આપની પાસે મારે લાયક કોઈ કામ છે ?""

""હા બેટા, મારે બજારમાં લઈ જવાનાં ઈંડાં ધોવાનાં બાકી છે. આજે સવારે મને સમય મળ્યો નથી. તું ધોઈ આપે તો ખુદાનો પાડ, પણ જો જે, એક પણ ઈંડું તૂટે નહિ.""

અમરતીએ ધોળા બટાકા જેવાં સો ઈંડાં સંભાળીને ધોયાં, પછી તેમને પેક પણ કર્યાં. મરિયમ ચાચીના કરચલીવાળા ચહેરા પર આનંદ છવાયો. તેમણે પૂછ્યું, ""બેટા, તારે શું જોઈએ, પૈસા કે બીજું કશું ?""

અમરતીએ નમણી આંખો ઝૂકાવીને કહ્યું, ""દાદીમા, મને આજે થોડું અનાજ આપશો ? મારી પાસે એક ઘાયલ કબૂતર છે ને તેને ખવડાવવા માટે મારી પાસે દાણા નથી.""

""ખુદાતાલા તારું ભલું કરે, મારી ભલી દીકરી, જરૂર થોડું અનાજ લઈ જા.""

અમરતી અનાજનાં પીપ પાસે ગઈ ને તેમાંથી મૂઠી ભરીને થોડાક દાણાં લીધા અને પોતાની ફ્રોકમાં ખોઈ વાળીને મૂક્યા ને ધીરે ધીરે ઘેર ગઈ. કબૂતર તો દાણા જોઈને ખુશ ખુશ થઈ ગયું, કારણ તે ભૂખ્યું પણ થયું હતું.

"ઘૂ..ઘૂ.. ! ઘૂ.. ઘૂ.. ! ઘૂ.. ઘૂ.. !, આમતેમ ઘૂમતું કબૂતર અમરતીને જોઈને બોલ્યું, ને ઝડપથી દાણા ચણવા લાગ્યું. સવાર સુધીમાં તો એકે દાણો રહ્યો નહિ.

""મારે ફરી મરિયમ ચાચીને ઘેર જઈ બીજાં થોડાંક કામ કરવા પડશે."" અમરતીએ મનમાં કહ્યું, ""તો એ મને બીજા થોડા વધુ દાણા આપશે.""

અમરતી ફરીથી દોડીને ચાચીને ત્યાં પહોંચી ગઈ, "આવ બેટા, ખુદા તને સો વરસની કરે ! હું તને જ યાદ કરતી હતી. મારાં ઘેટાંને ચરાવવા માટે ખેતરના બીજે છેડે લઈ જવાનાં છે. તને એ ફાવશે ?" અમરતીને તો ગમે તે કામ ફાવે તેવું હતું ને તેને તેના બાપુજીની જેમ પશુપંખીઓ ઉપર અનહદ પ્રેમ હતો. તેણે સુંદર રીતે આ કામ પણ પતાવ્યું. ચાચીએ થોડાક ફળ ને થોડાક પૈસા આપવાનું કહ્યું, પણ અમરતીને મન તો પેલું ઘાયલ કબૂતર જ પોતાનું સર્વસ્વ હતું ને ! તેણે ફરીથી દાણાની માગણી કરી. દાણા આપતાં આપતાં વૃદ્ધ મરિયમ ચાચીનું હૈયું ને આખો બંને છલકાઈ રહ્યાં. અમરતી ફરીથી દાણા લઈ ગઈ ને હેતપૂર્વક પંપાળતા પંપાળતા તેણે કબૂતરને ખવડાવ્યું. ત્યાં તો ખાનામાં બીજા છેડે તેની નજર પડી. પાથરેલા જે ઘાસ ઉપર પેલું કબૂતર બેસતું હતું ત્યાં એક નાનકડું ઈંડું હતું. બાળાએ ઘાસ ઉપરનું ઈંડું જોઈને બૂમ મારી, 'બા, બા, જો, કબૂતરે કેવું સુંદર ઈંડું મૂક્યું છે." તે દોડી ગઈ ને માતાને ઈંડું બતાવવા લઈ આવી.

"અરે વાહ ! આવું કોણે ધાર્યું હશે ? પણ બેટા, તું ચર્ચની પાસે રહેતાં રોઝી માસીને ઓળખે છે ?"

"હા, કોણ પેલાં અનાથાશ્રમ ચલાવે છે તે જ રોઝી માસી ને ? હા, હા, તેમને કબૂતરો પાળવાનો શોખ છે !"

"હા, તો મેં તપાસ કરી છે ને કબૂતર તેમનું જ છે. તું તેમને ત્યાં જઈ આવ ને ?" તરત જ અમરતી રોઝી માસી પાસે પહોંચી ગઈ. ને તેમને કબૂતરની વાત આદિથી અંત સુધી કહી સંભળાવી. વાત સાંભળતા સાંભળતા તો રોઝી માસીએ તેને બાથમાં લઈ લીધી ને ચુંબનોથી નવડાવી નાખી.

"જો દીકરા, અમારા ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે, જે નાનાઓની સેવા કરે છે તે પ્રભુની સેવા કરે છે. કબૂતરની ખરી દોસ્ત તો તું જ છે. હવે મારું એક કામ કરીશ ? ઈંડું સેવાય ને બચ્ચું બહાર આવે ને ઊડતું થાય ત્યાં સુધી તું એમની સંભાળ લેજે. તને બચ્ચું રાખવાનું ગમે તો રાખી લેજે, ને મારી પાસેથી બંને માટે રોજ રોજ દાણા લઈ જજે. જા બેટા, તારું કબૂતર તારી વાટ જોતું હશે."

અમરતીની આંખમાં આનંદના ઝળઝળિયાં આવી ગયાં. તેણે રોઝી માસીના હાથે ચુંબન કર્યું ને પોતાનો આભાર પ્રગટ કર્યો. અહીં શબ્દોની ક્યાં જરૂર હતી ?

બરફ જેવું સફેદ કબૂતર દરરોજ પોતાના સફેદ ઈંડાંને સેવવા તેના ઉપર બેસતું હતું. હવે તો તેની પાંખ પણ સાજી થઈ ગઈ હતી. પણ જંગલી બિલાડીની બીકને લીધે અમરતી તેને ઊડવા દેતી નહોતી. પછી તો ઈંડું સેવાયું ને તેમાંથી રૂના ગાભા જેવું નાનકડું બચ્ચું બહાર આવ્યું. અમરતીના આનંદની સીમા ન રહી. ઈશ્વરે તેને કેટલું બધું સુખ આપ્યું હતું !

બચ્ચું મોટું થતું ગયું. પછી તો નાનકડી પાંખો પણ ફફડાવવા લાગ્યું. ત્યારે અમરતીએ મોટા કબૂતર માટે ખોખાનું બારણું ઊઘાડી નાખ્યું, અમરતી તરફ આભારભરી દૃષ્ટિ કરી કબૂતર રોઝી માસીના ઘર તરફ ઊડી ગયું. પણ બચ્ચું તો અમરતી પાસે જ રહ્યું. બાળકના જેવા જ લાડકોડથી ઊછર્યું ને પછી તેની માતા જેવું જ મોટું અને બરફ જેવું શ્વેત, પંખા જેવી પૂંછડીવાળું કબૂતર બની ગયું. અમરતીને જોઈને ગટર.. ઘૂ..! ગટર.. ઘૂ! કહીને પોતાનો આનંદ પ્રગટ કરતું. પોતાના પાળેલા પંખીને રમાડવામાં નાનકડી અમરતીને સ્વર્ગ જેવું સુખ મળતું.

# ૧૪ બેવડો અધિકાર

એક નાનો છોકરો. એણે બનાવી લાકડાના પાટિયાંની એક નાનકડી હોડી. ખૂબ મહેનત કરી, ખૂબ ઉત્સાહથી એણે તે હોડી બનાવી હતી. હોડી બની હતી પણ સરસ. એને એણે દિલથી રંગી એટલે જોતાં જ ગમી જાય એવી ફાંકડી બની. છોકરાએ પ્રેમથી તે હોડીને પોતાના હાથમાં ઊંચકી અને કહ્યું, "આ મારી હોડી છે, મેં પોતે તેને બનાવી છે." એના શબ્દોમાં સંતોષ સાથે થોડીક આત્મગૌરવની છાંટ પણ હતી.

છોકરાનાં ઘરથી થોડેક દૂર લીલીછમ વનરાજીથી ઘેરાયેલું એક વિશાળ નયનરમ્ય સરોવર હતું. છોકરો પોતાની હોડી ત્યાં લઈ ગયો, અને તે સરોવરના લહેરાતાં ભૂરાં, સ્વચ્છ જળ ઉપર તે હોડી મૂકી. મોજાં ઉપર ઝૂલતી, આગળ ને પાછળ થોડીક વારમાં તો કિનારે પાછી આવી. ફરીથી તેને લાંબા દોર સાથે પાણીમાં મૂકી. કુશળ નર્તકીની જેમ નાચતી કૂદતી તે ફરી છોકરા પાસે પાછી આવી. આમ કેટલીય વાર હોડીની રમતલીલા ચાલી. વિશાળ નીલરંગી જળ ઉપર રંગરંગી હોડી ખૂબ શોભતી હતી. છોકરાને ખૂબ આનંદ થયો. ભારે મજા આવી. અત્યારે કોઈ તેને લાખ રૂપિયા આપે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વાનગી ખાવા માટે આપે તો યે તે પોતાની હોડીને આપે નહિ. અદ્‌ભુત મજા પડતી હતી! શરીરના અણુએ અણુમાં ચેતન ઊભરાતું હતું!

ફરી એક વાર સરોવરના સૂર્યપ્રકાશમાં લહેરાતાં સ્વચ્છ, શીતલ જળ ઉપર એણે પોતાની નાનકડી હોડી મૂકી અને આનંદપૂર્વક તેને આમતેમ ખસતી જોઈ રહ્યો. ત્યાં તો અચાનક કોણ જાણે ક્યાંથી

જોરદાર પવનનો એક ઝપાટો આવ્યો. હોડી એકદમ ખેંચાઈ, છોકરાના હાથમાંથી હોડી સાથે બાંધેલી પાતળી દોરી તૂટી ગઈ, અને હોડી સરોવરના મધ્યભાગ તરફ તણાવા લાગી. સૂસવાટાભેર ફૂંકાતા પવનનો બીજો ઝપાટો આવ્યો અને છોકરાની પ્રાણપ્યારી હોડી દૃષ્ટિમર્યાદાથી પણ દૂર થઈ ગઈ, અને છોકરાની આંખો આંસુથી છલકાઈ રહી. કેટલાય લાંબા સમય સુધી એ સરોવરની વિશાળ જળરાશિમાં પોતાની નાનકડી નૌકાને શોધતો રહ્યો, અને અંતે નિરાશ વદને તથા શ્રમિત પગલે તે ઘેર પાછો ફર્યો.

પછી તો કેટલા દિવસો અને મહિનાઓ પસાર થઈ ગયા. એક દિવસ નિશાળે જતાં માર્ગમાં એક રમકડાંની દુકાન પાસેથી તે પસાર થતો હતો. અચાનક તેમાંની એક વસ્તુ પર એની દૃષ્ટિ પડી, અને તે નજર હઠાવી શક્યો નહિ. શું તે બની શકે ખરું ? પુનઃ તે ધ્યાનથી એકચિત્તે પેલી વસ્તુને નિહાળી રહ્યો. હા, તે વસ્તુ તો તેણે જ તેના પોતાના હાથ વડે બનાવેલી તેની નાનકડી હોડી હતી.

હરખાતા હૈયે અને આનંદી ચહેરે તે દુકાનમાં દોડી ગયો, અને દુકાનદારને કહ્યું, ‘‘પેલી નાનકડી હોડી તો મારી છે, મેં બનાવેલી છે.’’

દુકાનદારે કહ્યું, ‘‘હું દિલગીર છું, ભાઈ. પણ એ હોડી તો મારી છે, મેં એ ખરીદી છે. જો તારે જોઈતી હોય તો તારે તેની કિંમત ચૂકવવી પડશે.’’

છોકરાની પાસે દુકાનદારે અમુક રકમ માગી. તેટલા પૈસા તેની પાસે નહોતા, તેથી દુઃખી થઈને તે રમકડાંની દુકાનમાંથી બહાર નીકળ્યો. ઘેર જઈને તેણે જુદાં જુદાં કામ કરવા માંડ્યાં.

દા. ત. કોઈના આંટાફેરા કરવા, કોઈના કપડાં ધોઈ આપવા, કોઈનું શાક લાવી આપવું, જેથી તે હોડી ખરીદી શકાય તેટલાં નાણાં મળી જાય.

તે સોનાનો દિવસ ઊગ્યો પણ ખરો. ખિસ્સામાં જોઈતાં નાણાં લઈ તે દુકાનમાં ગયો અને દુકાનના કાઉન્ટર પર તે નાણાં આપ્યાં.

પોતાની નાનકડી હોડી ફરી તેના હાથમાં આવતાં જ તેનાં મોં પર પૂનમની ચાંદની પથરાઈ ગઈ. સ્મિતભર્યા ચહેરે તેણે હોડીને પોતાના હૃદય પાસે ધીમેથી દબાવી અને કહ્યું, "હવે તું મારી જ હોડી છે. તારા પર મને બેવડો અધિકાર અને બેવડો પ્રેમ છે. કારણ મેં તને બનાવી હતી અને હવે તને ખરીદી પણ છે."

અને ઝડપથી તેનાં પગલાં સરોવર તરફ વળ્યાં.

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ સેટ | ૧૫/ |
| ૨. | મધૂરા ગીતોનો અધૂરો ઈતિહાસ | ૫૦/- |
| ૩. | બાઈબલ માહિતી કોષ ભાગ-૧ | ૨૫/- |
| ૪. | બાઈબલનો ગુજરાતી તરજૂમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલા નામ | ૦૫/- |
| ૫. | અજાયબ ભવિષ્ય વચનો | ૧૦/- |
| ૬. | યરૂશાલેમનું મંદિર બંધાશે ? ક્યાં ? ક્યારે ? કેમ ? | ૦૭/- |
| ૭. | પ્રભુ ઈસુ ભારત કાશ્મીરમાં કદી આવ્યા નથી ? | ૧૦/- |
| ૮. | પૂર્વની ત્રણ માગી પત્નીઓ | ૦૫/- |
| ૯. | ખાલી કબરનો ચૂકાદો | ૨૦/- |
| ૧૦. | તમારા સંજોગોનાં સંચાલક | ૨૫/- |
| ૧૧. | ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ | ૪૦/- |
| ૧૨. | વધસ્તંભની વાટે | ૩૦/- |
| ૧૩. | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે. | ૪૦/- |
| ૧૪. | વિશ્વ વ્યાપી જળપ્રલય | ૩૦/- |
| ૧૫. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫/- |
| ૧૬. | બાઈબલનો શબ્દ કોશ | ૫૦/- |
| ૧૭. | ઈસુના પગલે પગલે | ૨૦/- |
| ૧૮. | અનેક માની આંસુ ભરી પ્રાર્થનાના પરિણામ | ૩૦/- |
| ૧૯. | જોષ જોવાનુ પાપ | ૪૦/- |
| ૨૦. | ફૂલડાની ફોરમ | ૨૦/- |
| ૨૧. | પુનરૂત્થાનો, ન્યાયકાળ અને પ્રભુનુ પુનરાગમન | ૪૦/- |
| ૨૨. | બાઈબલનો વિવેચન પૂર્ણ માહિતી કોષ ભાગ-૨ | ૬૦/- |
| ૨૩. | જીવન જીવી જાણનારા અપંગો | ૨૦/- |
| ૨૪. | પ્રાર્થના પરાયણ હાઈડ-પ્રાર્થનાનો પડકાર | ૩૦/- |
| ૨૫. | ગીદુ ગધેડો બેથલેહેમમાં | ૦૨/- |
| ૨૬. | દાનિએલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન | ૩૫/- |

| | | |
|---|---|---|
| ૨૭. | સાધુ સુંદરસિંગ | ૧૫/- |
| ૨૮. | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦/- |
| ૨૯. | ગુરુને ચરણે | ૧૦/- |
| ૩૦. | સાચુ જીવન | ૧૦/- |
| ૩૧. | સાચુ મોતી | ૧૦/- |
| ૩૨. | સત્યની શોધ | ૧૦/- |
| ૩૩. | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦/- |
| ૩૪. | ડી. એલ. મૂડી | ૨૦/- |
| ૩૫. | ડેવિડ બાઉમન | ૨૦/- |
| ૩૬. | વિલ્યમ કેરી | ૧૫/- |
| ૩૭. | જેમ્સ હડસન ટેલર | ૧૫/- |
| ૩૮. | પંડિતા રમાબાઈની સાક્ષી | ૧૫/- |
| ૩૯. | ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સ | ૩૦/- |
| ૪૦. | ચાર્લ્સ સ્પર્જન | ૫૦/- |
| ૪૧. | સાધુ સુંદરસિંગ (ગ્રંથ) | ૧૨૫/- |
| ૪૨. | કૌટુંબિક વેદી | ૧૦/- |
| ૪૩. | પ્રાર્થનાંજલિ | ૦૫/- |
| ૪૪. | જીવન સાફલ્ય ને મનન | ૬૦/- |
| ૪૫. | ટેકરીઓનો સાદ | ૧૦૦/- |
| ૪૬. | દૈનિક પ્રકાશ | ૭૫/- |
| ૪૭. | ઉપલી મેડી દૈનિક પ્રકાશ | ૩૦/- |
| ૪૮. | બાઈબલની સરળ વાર્તા | ૧૦/- |
| ૪૯. | વધામણીની વાતો | ૧૦/- |
| ૫૦. | ઝેરાહ | ૧૫/- |
| ૫૧. | સપના ઉકેલનાર યોસેફ | ૧૫/- |
| ૫૨. | ફૂલની ટોપલી | ૦૫/- |
| ૫૩. | વ્હાલા પંખીડા | ૧૫/- |
| ૫૪. | આઝાદીનો લડવૈયો | ૧૨/- |

| | | |
|---|---|---|
| ૫૫. | મારા પ્રભુ મારા દેવ | ૦૧/- |
| ૫૬. | વાટ ને વિસામે | ૪૦/- |
| ૫૭. | રાજ રાજેશ્વર | ૦૭/- |
| ૫૮. | પરોઢિયે પ્રાણાર્પણ | ૦૩/- |
| ૫૯. | સ્વર્ગ ઉઘડ્યું રે લોલ | ૦૫/- |
| ૬૦. | નાતાલની વાતો | ૧૦/- |
| ૬૧. | રાજાનો કેદી દાનીએલ | ૧૫/- |
| ૬૨. | કલરવ | ૨૫/- |
| ૬૩. | કલશોર | ૨૦/- |
| ૬૪. | ફૂલદાની | ૧૫/- |
| ૬૫. | સાચોમિત્ર | ૨૫/- |
| ૬૬. | શારોનના પુષ્પો | ૦૧/- |
| ૬૭. | બાઈબલ ક્વીઝ | ૩૦/- |
| ૬૮. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦/- |
| ૬૯. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦/- |
| ૭૦. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦/- |
| ૭૧. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦/- |
| ૭૨. | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦/- |
| ૭૩. | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦/- |
| ૭૪. | પિતૃઓના કૂવા | ૩૫/- |
| ૭૫. | રેલો અને ગીતો | ૩૫/- |
| ૭૬. | વધસ્તંભના સાત વચન | ૧૫/- |
| ૭૭. | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦/- |
| ૭૮. | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫/- |
| ૭૯. | ક્રોસ કથાના પાત્રો | ૧૦/- |
| ૮૦. | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૨૦/- |
| ૮૧. | ઈશ્વર વિદ્યાનો પારિભાષિક કોશ | ૦૪/- |
| ૮૨. | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫/- |


| | | |
|---|---|---|
| ૮૩. | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦/- |
| ૮૪. | જૂનો કરાર તેની રચના તથા સંદેશો | ૬૫/- |
| ૮૫. | એ શી તરેહનું માણસ | ૩૦/- |
| ૮૬. | જન સામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦/- |
| ૮૭. | દાઉદ ભક્તના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦/- |
| ૮૮. | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦/- |
| ૮૯. | નાઝરેથનો ઈસુ | ૧૫/- |
| ૯૦. | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦/- |
| ૯૧. | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦/- |
| ૯૨. | ચિરાયેલો પડદો | ૩૦/- |
| ૯૨. | સ્ત્રી રત્નો | ૨૦/- |
| ૯૪. | કવો - વાડીસ | ૩૦/- |
| ૯૫. | બારાબ્બાસ | ૩૦/- |
| ૯૬. | ધી - રોબ | ૩૫/- |
| ૯૭. | કલ્યાણી | ૧૦/- |
| ૯૮. | ટૈટસ | ૩૫/- |
| ૯૯. | માણસ એ કોણ છે | ૧૦/- |
| ૧૦૦. | અરમાન નાટ્ય સંગ્રહ | ૪૦/- |
| ૧૦૧. | પડદાની પેલે પાર | ૪૦/- |
| ૧૦૨. | યાત્રાકારી ભાગ-૧ | ૨૦/- |
| ૧૦૩. | ફબીઓલા | ૩૫/- |
| ૧૦૪. | નિર્મળા | ૧૦/- |
| ૧૦૫. | ઈશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫/- |
| ૧૦૬. | મારૂ ઋણ | ૧૨/- |
| ૧૦૭. | હૃદય પલટો વિશ્વ પલટો | ૧૦/- |
| ૧૦૮. | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઈસુ ખ્રિસ્ત | ૨૫/- |
| ૧૦૯. | શરણાગતિ | ૨૦/- |
| ૧૧૦. | બેનહર | ૩૦/- |

| | | |
|---|---|---|
| ૧૧૧. | જખમ અને જીવન | ૩૦/- |
| ૧૧૨. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦/- |
| ૧૧૩. | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫/- |
| ૧૧૪. | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫/- |
| ૧૧૫. | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫/- |
| ૧૧૬. | બાઈબલનો અવાજ | ૦૮/- |
| ૧૧૭. | પ્રેમનો પ્રકાશ | ૦૪/- |
| ૧૧૮. | ઝબકાર અને ઝાંખી | ૨૦/- |
| ૧૧૯. | પેલેસ્ટાઈન અને બાઈબલ | ૦૨/- |
| ૧૨૦. | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન | ૧૫/- |
| ૧૨૧. | રાજાઓનો રાજા | ૦૭/- |
| ૧૨૨. | નકલંક અવતાર | ૦૫/- |
| ૧૨૩. | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦/- |
| ૧૨૪. | આકાશ મહેક ધરતીની પ્રિતથી | ૦૩/- |
| ૧૨૫. | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦/- |
| ૧૨૬. | સુવાક્ય સંદેશ | ૦૮/- |
| ૧૨૭. | ખ્રિસ્તી કુટુંબ | ૦૧/- |
| ૧૨૮. | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫/- |
| ૧૨૯. | ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦/- |
| ૧૩૦. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦/- |
| ૧૩૧. | સ્વર્ગ યાત્રા | ૨૦/- |
| ૧૩૨. | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦/- |
| ૧૩૩. | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦/- |
| ૧૩૪. | માર્કનો સંદેશો | ૫૦/- |
| ૧૩૫. | પ્રેષિતોના કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦/- |
| ૧૩૬. | ફિલિપ્પીના પત્રનો સંદેશ | ૪૦/- |
| ૧૩૭. | ગિરિપ્રવચન | ૪૦/- |
| ૧૩૮. | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦/- |

| | | |
|---|---|---|
| ૧૩૯. | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦/- |
| ૧૪૦. | સભાશિક્ષક | ૩૦/- |
| ૧૪૧. | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦/- |
| ૧૪૨. | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦/- |
| ૧૪૩. | અયૂબ | ૬૦/- |
| ૧૪૪. | યશાયા | ૧૨૫/- |
| ૧૪૫. | ગીતોનું ગીત | ૬૦/- |
| ૧૪૬. | યોહાનની સુવાર્તાનો સંક્ષિપ્તમાં ખુલાસો | ૦૧/- |
| ૧૪૭. | પવિત્ર આત્મને હું માનુ છું | ૦૧/- |
| ૧૪૮. | સેવન્થ-ડે એડવેન્ટિસ્ટસ કોણ છે | ૦૫/- |
| ૧૪૯. | ઈસ્લામનો સંક્ષિપ્ત પરિચય | ૦૫/- |
| ૧૫૦. | આમોસનો ખુલાસો | ૦૨.૫૦/- |
| ૧૫૧. | ઈશ્વવિદ્યાનો પારિભાષિક કોષ | ૦૪/- |
| ૧૫૨. | ભીરૂ | ૪૦/- |
| ૧૫૩. | બાઈબલ અભ્યાસ ભાગ - ૧ | ૦૬/- |
| ૧૫૪. | બાઈબલ અભ્યાસ ભાગ - ૨ | ૧૨/- |
| ૧૫૫. | બાઈબલ અભ્યાસ ભાગ - ૩ | ૨૫/- |
| ૧૫૬. | બાઈબલ અભ્યાસ ભાગ - ૬ | ૦૪/- |
| ૧૫૭. | બાઈબલ અભ્યાસ ભાગ - ૮ | ૧૫/- |
| ૧૫૮. | બાઈબલ અભ્યાસ ભાગ - ૯ | ૨૦/- |
| ૧૫૯. | બાઈબલ અભ્યાસ ભાગ - ૧૦ | ૩૦/- |
| ૧૬૦. | બાઈબલ અભ્યાસ ભાગ - ૧૧ | ૧૫/- |
| ૧૬૧. | બાઈબલ અભ્યાસ ભાગ - ૧૨ | ૩૦/- |

# KALARAV

By B. R. Chauhan



## રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક)

5BGK2

*Published & Distributed by :*
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
**Sahitya Seva Sadan, Near Gujarat College,**
**Ellisbridge, Ahmedabad - 380 006. INDIA**